RNI Reg. GUJGUJ/2010/44893

**સુવિચાર**

કાર્ય સચ્ચાઇ અને સમર્પણથી
કરવામાં આવે તો ચોક્કસ
સફળતા મળે છે...

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક



મોરબીની યુવતીએ મદદગારી કરતા કાલાવડના શખ્સે સગીરાને હવસનો શિકાર બનાવી P-4

Year-16, Issue-171 ■ DATE : 03-11-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અફઘાનિસ્તાનમાં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ: ૭ના મોત

## ૧૫૦થી વધુ લોકો ઘાયલઃ મોતનો આંકડો વધવાની આશંકાઃ તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તુર્કમેનિસ્તાનના કેટલાક ભાગોમાં પણ ભૂકંપની અસર જોવા મળી





**મુખ્ય સમાચાર, મઝાર એ શરીફ (અફઘાનિસ્તાન)**

અત્રે વહેલી સવારે ૬.૩ની તીવ્રતાનો ભારે ભૂકંપ આવતા ૭ લોકોના મોત થયા હતા અને ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. મોતનો અને ઘાયલોનો આંકડો વધી શકે છે. અફઘાનિસ્તાનના ઉત્તરીય ભાગમાં આજે સોમવારે વહેલી સવારે જોરદાર ભૂકંપ આવ્યો હતો.

યુએસ જિયોલોજિકલ સરવે (USGS) અનુસાર, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૬.૩ નોંધાઈ હતી. આ ભૂકંપમાં અનેક લોકોના મોત નિપજ્યા હોવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

USGS અનુસાર, ૩ નવેમ્બરે આવેલા ભૂકંપનું કેન્દ્ર મઝાર-એ-શરીફ શહેર નજીક ખોલ્મમાં જમીનની સપાટીથી ૨૮ કિલોમીટર (૧૭ માઇલ) ની ઊંડાઈએ હતું. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ સુધી પણ આ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ઉત્તરીય બલ્ખ પ્રાંતની રાજધાની મઝાર-એ-શરીફ ઉત્તરીય અફઘાનિસ્તાનના સૌથી વધુ વસ્તીવાળા શહેરોમાંનું એક છે. મઝાર-એ-શરીફમાં અનેક લોકો અડધી રાત્રે પોતાના ઘરો પડી જવાના ડરથી રસ્તાઓ પર દોડી ગયા હતા. શહેરના એક નિવાસીએ જણાવ્યું કે, જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે તેમનો પરિવાર ડરીને જાગી ગયો હતો અને તેમના બાળકો બૂમો પાડતા સીડીઓ પરથી નીચે ભાગી રહ્યા હતા.

નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (NCS)એ 'X' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે પ્રાથમિક અહેવાલો સૂચવે છે કે, આ ભૂકંપ સ્થાનિક સમય અનુસાર સોમવારે વહેલી સવારે મઝાર-એ-શરીફ અને ખુલ્મ શહેરની આસપાસ આવ્યો હતો.

આ ભૂકંપની અસર ઉત્તરી અફઘાનિસ્તાનની સરહદને અડીને આવેલા ત્રણ દેશોને થઈ હતી. તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તુર્કમેનિસ્તાનના કેટલાક ભાગોમાં પણ ભૂકંપની અસર જોવા મળી હતી.

નોંધનીય છે કે, અફઘાનિસ્તાનના ઉત્તરીય ભાગમાં આ ભૂકંપ આવ્યો છે, જ્યારે લગભગ બે મહિના પહેલા દેશના પૂર્વીય ભાગમાં આવેલા ભૂકંપમાં ૨૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા.

# રેશનિંગ વેપારી મંડળ અને રાજય સરકાર વચ્ચે મંત્રણા પડી ભાંગતા રાજયભરના વેપારીઓએ રાજીનામુ દેવાની આપી ચિમકી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેશનિંગ વેપારીઓની હડતાલ પ્રશ્ને ગઈકાલે પણ ગાંધીનગર ખાતે વેપારી મંડળ અને સરકાર વચ્ચેની બેઠક પડી ભાંગી હતી. આ બેઠકમાં પૂરવઠા સચિવ અને વેપારી મંડળનાં હોદેદારો વચ્ચે ભારે તડાફડી બોલી ગઈ હતી. બેઠક બાદ વેપારી મંડળનાં અગ્રણી પ્રહલાદ મોદી અને હિતુભા જાડેજા, એ જણાવેલ કે અમારી હડતાલ આજે ત્રીજા દિવસે ચાલુ જ છે. અને સરકાર જો બળજબરી કરશે તો રાજયભરના વેપારીઓ હાજીનામાનો ઢગલો કરી દેશે દરમ્યાન વેપારી મંડળ અને સરકાર દ્વારા સામ સામા દાવાઓ શરૂ કરી દેવાયા છે. તો પૂરવઠા વિભાગ કહે છે કે અનેક વેપારીઓએ ચલણ જનરેટ કરી વિતરણ શરૂ કર્યુ છે.

બેઠક બાદ દુકાનદારોએ હકારાત્મક અને માનવીય અભિગમ સાથે જરૂરિયાતમંદ લોકોને અનાજ વિતરણ માટે તૈયારી દર્શાવી હતી. જે અન્વયે ૨ નવેમ્બરના રોજ રાજકોટ જિલ્લામાં ૧૭૫ જેટલા દુકાનદારો દ્વારા ચલણ જનરેટ કરી દેવામાં આવ્યું છે અને રાશન વિતરણની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જાહેર હિત અને સાંપ્રત વાવાઝોડાની પરિસ્થિતિને ધ્યાને લઈ હેઠળ નોંધાયેલા લાભાર્થીનાં હિતને ધ્યાને રાખી બાકી રહેલા વાજબી ભાવની દુકાનદારોએ ચલણ સંબંધિત કામગીરી કરવા હકારાત્મક વલણ દાખવી રહ્યા છે.

તેમજ રાજયના સુરત, આણંદ, વડોદરા, રાજકોટ વગેરે જેવા જિલ્લાઓમાં વાજબી ભાવના દુકાનદારો દ્વારા હકારાત્મક અભિગમ દાખવી લાભાર્થીના હિતાર્થે વધારાના ચલણ જનરેટ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવેલ છે. વધુમાં રાજકોટના જામકંડોરણા જેવા ઘણા વાજબી ભાવના દુકાનદારો દ્વારા લાભાર્થીઓને વિતરણની કામગીરી પણ સુપેરે શરૂ કરી દેવામાં આવેલ છે. વધુમાં આવતીકાલથી ઘઉં અને ચોખાનુ વિતરણ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે એમ રાજયના અન્ન અને નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે.

રાજ્યમાં સસ્તા અનાજની દુકાન ધરાવતા આસામીઓની વિવિધ માંગણીઓને અનુલક્ષીને શનિવારથી સમગ્ર રાજ્યમાં હડતાલ આંદોલન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લાના પણ સસ્તા અનાજના દુકાનદારો જોડાયા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ઉપરાંત ભાણવડ, દ્વારકા અને કલ્યાણપુર મળી તમામ ચાર તાલુકાઓમાં વ્યાજબી ભાવની દુકાન ધરાવતા આસામીઓએ તેઓની કમિશન વધારા સહિતની જુદી જુદી ૨૦ માંગણીઓને અનુલક્ષીને રાજ્યના એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવેલા આંદોલનને ટેકો આપી અને પહેલી નવેમ્બરથી આ હડતાલમાં જોડાયા હતા. તેઓએ સસ્તા અનાજનું વિતરણ ન કરવા તેમજ અનાજનો જથ્થો ન ઉપાડવાનું નક્કી કરી અને વિવિધ મુદ્દે અહીંના ડી.એસ.ઓ.ને લેખિત આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

અમરેલી શહેર જિલ્લા સહિત સમગ્ર રાજ્યના સસ્તા અનાજના વેપારીઓને લાંબા સમયથી તેમનાં પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં આજ તા.૧થી નવેમ્બરથી ૫૪૬ લાયસન્સ ધારકો અનાજ વિતરણથી અળગા રહેવાનું શસ્ત્ર ઉગામ્યું છે.

અગાઉ ગાંધીનગર સુધી રજૂઆતો કરવામાં આવી હતી છતાં આજ સુધી કોઈ ઉકેલ ન આવતાં આખરે અમરેલી શહેર-જિલ્લા ફેર પ્રાઈઝ શોપ એસાસિ એશનના વેપારી આગેવાનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા.

બાદમાં અમરેલી જિલ્લા જિલ્લા પુરવઠા અધિકારી કુંભાણી તેમજ અમરેલીના મામલતદારને ઇ-પ્રોફાઈલમાં તકેદારી સહાયકનો ઉમેરો, સિંગલ ફિંગરપ્રિન્ટ દ્વારા બે બિલ બને, સમિતિના સભ્યોના ૮૦% બાયોમેટ્રિક વેરિફિકેશનનો પરિપત્ર રદ કરવાની માંગ સાથેનું આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

# રાજસ્થાનના ફલોદી જિલ્લામાં ટેમ્પો ટ્રાવેલર ટ્રકમાં ઘૂસી જતા ૧૫થી વધુના મોત

**મુખ્ય સમાચાર, જોધપુર**



રાજસ્થાનના ફલોદી જિલ્લાના ભારતમાલા એક્સપ્રેસ વે પર રવિવારે મોડી સાંજે ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં જોધપુરના સૂરસાગરના લોકો બિકાનેર સ્થિત કોલાયત મંદિરમાં દર્શન કરી ટેમ્પો ટ્રાવેલરમાં પાછા ફરી રહ્યા હતા. હનુમાન સાગર ચાર રસ્તા નજીક પૂરપાટ ઝડપે ટેમ્પો ટ્રાવેલર રસ્તા પર ઊભા રહેલા ટ્રકની પાછળ ઘૂસી ગયો હતો. આ અકસ્માતમાં ૧૫થી વધુ લોકોનાં મોત નિપજ્યાં, જ્યારે અન્ય ૧૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા.

ફલોદીના પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ કુંદન કંવરિયાએ અકસ્માતમાં માર્યા ગયેલા લોકો અંગે પુષ્ટી કરી હતી. તેમણે કહ્યું, 'આ અકસ્માતમાં ૧૫થી વધુ લોકોના ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યાં હતા. ઈજાગ્રસ્તોને ઓસિયાં હોસ્પિટલ ખસેડાયા હતા, ત્યાંથી ગ્રીન કોરિડોર બનાવી જોધપુર રેફર કરાયા હતા.' ફલોદીના ડીએસપી અચલસિંહ દેવડાએ કહ્યું કે, 'ટેમ્પો ટ્રાવેલર અને ટ્રક વચ્ચે અકસ્માત એટલો ભયાનક હતો કે ટેમ્પો ટ્રાવેલરનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અનેક શબ ટેમ્પો ટ્રાવેલરની સીટો અને લોખંડના પાઈપો વચ્ચે ફસાઈ ગયા હતા. આ મૃતદેહોને બહાર કાઢવામાં પોલીસ અને સ્થાનિક લોકોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.'

અકસ્માતની જાણ થતાં રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શરમાએ સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે '' પર પોસ્ટ કરીને લખ્યું 'ફલોદીના મતોડા ક્ષેત્રમાં માર્ગ દુર્ઘટનામાં થયેલી જાનહાનિ અત્યંત દુઃખદ છે. મારી સંવેદનાઓ શોકાકુલ પરિવારજનો સાથે છે. જિલ્લા તંત્રના અધિકારીઓને બધા જ ઘાયલોની યોગ્ય સારવાર કરાવવા માટે નિર્દેશ આપી દેવાયા છે. પ્રભુને પ્રાર્થના છે કે દિવંગત આત્માઓને શાંતિ આપે તથા ઈજાગ્રસ્તોને ઝડપથી સાજા કરે.'

# યુએસમાં શટડાઉનના પગલે અમદાવાદ પ્લેન ક્રેશની તપાસમાં વિલંબ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**



અમેરિકામાં શટડાઉનના કારણે સરકારી ફંડ રોકાઈ ગયું છે. જેના કારણે અમદાવાદમાં એર ઇન્ડિયાના બોઇંગ ૭૮૭-૮ ક્રેશમાં ૨૬૦ લોકોના મોતની તપાસ કરી રહેલી FAAએ પોતાની ઇન્ક્વાયરી રોકી દીધી છે. કોર્ટમાં કેસ દાખલ કરવાની પ્રક્રિયા ઠપ થઈ ગઈ છે. ૧૨૫થી વધુ પીડિતોના પરિવારોનું પ્રતિનિધિત્વ કરતી અમેરિકન લૉ ફર્મ બિસ્લે એલને જણાવ્યું હતું કે, પહેલી ઑક્ટોબરથી શરુ થયેલા અમેરિકન સરકારના શટડાઉનને કારણે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) તરફથી ડેટા પ્રાપ્ત કરવામાં વિલંબ થઈ રહ્યો છે.

ફર્મના પ્રિન્સિપલ એટર્ની માઇકલ એન્ડ્રૂઝે એક ન્યુઝ મીડિયાને જણાવ્યું કે, 'શટડાઉનને કારણે FAA તરફથી કોઈ પ્રતિભાવ મળ્યો નથી. અમે ૧૩ ઑગસ્ટે ફ્રીડમ ઑફ ઇન્ફોર્મેશન ઍક્ટ હેઠળ કૉકપિટ વોઇસ રૅકોર્ડર, ફ્લાઇટ ડેટા રૅકોર્ડર, એન્જિન ટીયરડાઉન રિપોર્ટ તેમજ ફોટો-વીડિયો મંગાવ્યા હતા, પરંતુ બધું અટકેલું છે.'

આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ૨૪૧ મુસાફરો અને જમીન પર રહેલા ૧૯ લોકોના મૃત્યુ થયા હતા. ફક્ત બ્રિટિશ નાગરિક વિશ્વાસ કુમાર રમેશ જ બચી ગયો હતો. વિમાન ટેકઑફ થયાના ૯૦ સેકન્ડ પછી મેઘાણી નગરમાં બી. જે મેડિકલ કૉલેજ હોસ્ટેલમાં ક્રેશ થયું હતું. AAIBના વચગાળાના અહેવાલમાં (૧૨ જુલાઈ) 'ટેક ઑફ પછી તરત જ ફ્યૂલ કટ ઑફ'નો ઉલ્લેખ છે. જોકે, પાઇલટ્સને દોષ આપવાનું કહેવામાં આવતાં, એન્ડ્રૂઝે કહ્યું કે, 'બોઇંગ ૭૮૭ ઓટોમેટેડ છે, કોમ્પ્યુટર કમાન્ડ સિસ્ટમ નિષ્ફળતાનું કારણ બની શકે છે. CVR સંપૂર્ણપણે પ્રકાશિત કરવામાં આવ્યું ન હતું, જેના કારણે પાઇલટ્સ સામે અન્યાયી આરોપો લાગ્યા.'

દુબઈમાં રહેતા સૈયદ ઇમ્તિયાઝ અલીએ પોતાના ભાઈ, ભાભી અને બે બાળકો ગુમાવ્યા. આ દુર્ઘટના અંગે તેમણે કહ્યું કે, 'દુઃખ ઓછું નહીં થાય, પણ અમે રાહ જોઈશું. એક વર્ષથી વધુ સમય લાગશે, પણ અમે તૈયાર છીએ.' બીજા પરિવારે કહ્યું, 'અમને કહેવામાં આવ્યું હતું કે આવા કેસોમાં ૨-૩ વર્ષ લાગે છે. અમે જવાબદેહી ઇચ્છીએ છીએ.'

એર ઇન્ડિયાના CEO કેમ્પબેલ વિલ્સને ૨૯ ઑક્ટોબરે એવિએશન ઇન્ડિયા સમિટમાં આ દુર્ઘટનાને વિનાશક ગણાવી હતી. કર્મચારીઓને સંદેશ આપતાં તેમણે કહ્યું કે, 'AAIB રિપોર્ટ પ્રારંભિક સ્પષ્ટતા પ્રદાન કરે છે, પરંતુ તપાસ લાંબી છે.' એરલાઇને રૂ. ૫૦૦ કરોડના વળતર પેકેજની જાહેરાત કરી હતી, પરંતુ કેસના ભયથી શેર ૮% ગગડી ગયા હતા.

# અનિલ અંબાણી ગ્રુપની રિલાયન્સ કંપનીની રૂ.૩૦૮૪ કરોડની ૪૦ મિલ્કતો ટાંચમાં લેવાઈ

**મુખ્ય સમાચાર, મુંબઇ**



એક સમયના દેશના ટોચના ઉદ્યોગપતિમાં સ્થાન ધરાવતા રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપ સામે બેન્ક લોનમાં ફ્રોડ સહિતની તપાસમાં એન્ફોર્સમેન્ટ વિભાગે આ ગ્રુપની દેશભરમાં રહેલી રૂા.૩૦૮૪ કરોડની ૪૦ પ્રોપર્ટી એટેચ કરી છે. યસ બેન્ક સહિતની બેન્કો પાસેથી મેળવેલા રૂા.૧૩૬૦૦ કરોડના ધિરાણમાં લાંબા સમયથી અનિલ અંબાણી ગ્રુપ સામે તપાસ કરવામાં આવી રહી છે અને તેમાં અનિલ અંબાણીની પણ પુછપરછ થઈ ચુકી છે.

સીબીઆઈ તથા ઈડી બન્ને એકશનમાં છે તેમાં ઈડીએ અનિલ અંબાણીના પાલી હીલ- બાંદરા ખાતેના નિવાસ અને મુંબઈના ફ્લેટ ઉપરાંત રિલાયન્સ કોમ્યુનીકેશન તથા રીલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચરની માલીકીના દિલ્હી-નોઈડા-મુંબઈ-ગોવા-પુને-હૈદરાબાદ અને ચેન્નઈ સહિતના શહેરોની મિલ્કતો ટાંચમાં લીધી છે.

જો કે અનિલ અંબાણી ગ્રુપે તેના પર મૌન સેવ્યુ હતું. જે મિલ્કતો એટેચ કરવામાં આવી છે તેમાં દિલ્હીના મહારાજા રણજીતસિંહ માર્ગ પરનું રૂા.૨૧૦૦ કરોડનું રિલાયન્સ સેન્ટરનો પણ સમાવેશ થાય છે. પાલી હીલનો બંગલો એ રહેણાંક મિલ્કત છે. ગાઝીયાબાદ તથા નોઈડામાં ખુલ્લા પ્લોટ તથા ચેન્નઈમાં ૨૯ ફ્લેટની કિંમત રૂા.૧૦૯ કરોડ થાય છે.

અનિલ અંબાણી ગ્રુપે તેની કંપનીમાં રિલાયન્સ હોમ ફાયનાન્સ, રિલાયન્સ કોમર્શિયલ ફાયનાન્સ અને રીલાયન્સ નિયોન મ્યુચ્યુઅલ ફંડ જેવી નોંધાયેલી અને અન્ય બોગસ કંપનીઓ ઉભી કરી રૂા.૧૩૬૦૦ કરોડનો ભંડોળનો જે તે વ્યાપારી હેતુ કરતા અન્યત્ર ઉપયોગ કર્યા હતા અને ગ્રુપ કંપનીઓમાં નાણા ટ્રાન્સફર કરાયા હતા.

બાદમાં આ નાણા અન્યત્ર ડાઈવર્ટ કરાયા હતા અને ધિરાણના હેતુ વગરની મિલ્કતો ખરીદાઈ હતી તથા બેન્ક થાપણો પણ કરવામાં આવી હતી. ઉપરાંત રિલાયન્સ નિયોન મ્યુચ્યુઅલ ફંડે નિયમોને આતરીને રિલાયન્સની કંપનીઓમાંજ રોકાણ કર્યુ હતું.

# ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો વિશ્વમાં ડંકો: પ્રથમ વખત વર્લ્ડ ચેમ્પિયન બનતા શુભેચ્છાઓનો ધોધ




**મુખ્ય સમાચાર, મુંબઇ**

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વર્લ્ડ કપ ફાઇનલમાં દક્ષિણ આફ્રિકા સામે ૫૨ રનથી વિજય મેળવીને તેમની પ્રથમ આઈસીસી ટ્રોફી જીતી, અને વર્લ્ડ કપ ટાઇટલ પોતાના નામે કર્યું.

ભારતીય ટીમ, જે પહેલા બે વાર ફાઇનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી, તેનો અંત સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્માના નેતૃત્વમાં સમગ્ર ટીમના સંયુક્ત પ્રદર્શનને કારણે થયો. હરમનપ્રીત કૌરે ક્લાર્કનો કેચ પકડતાની સાથે જ લાખો દેશવાસીઓ સાથે આખી ટીમ ખુશીથી છલકાઈ ગઈ.

પહેલા વરસાદથી વિક્ષેપિત મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ભારતીય મહિલા ટીમને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું. વરસાદને કારણે મેચ લગભગ બે કલાક મોડી શરૂ થઈ, પરંતુ ઓવરની સંખ્યા ઘટાડવામાં આવી ન હતી.

ભારતની સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની ઓપનિંગ જોડીએ સારી શરૂઆત કરી, પ્રથમ વિકેટ માટે ૧૦૪ રન ઉમેર્યા. ક્લો ટ્રાયોને ૧૮મી ઓવરમાં મંધાનાને આઉટ કરીને આ ભાગીદારી તોડી.

સ્મૃતિ મંધાનાએ ૫૮ બોલમાં ૪૫ રન બનાવ્યા.શેફાલી વર્મા, જે સદીની નજીક હતી, તેને આયોવોંગા ખાકાએ આઉટ કરી. તેણીએ ૭૮ બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા.

જોકે, જેમીમાહ રોડ્રિગ્સ (૨૪),કેપ્ટન હરમનપ્રીત કૌર (૨૦),અમનજોત કૌર (૧૨) અને રિચા ઘોષે (૩૪) મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ રહ્યા. દીપ્તિ શર્મા ૫૦મી ઓવરના છેલ્લા બોલ પર રન આઉટ થઈ ગઈ.

તેણીએ ૫૮ બોલની ઈનિંગમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો. દક્ષિણ આફ્રિકા તરફથી આયોબોંગા ખાકાએ ત્રણ વિકેટ લીધી. ક્લો ટ્રાયન, એન. ડી ક્લાર્ક અને એન. મલવાએ એક-એક બેટ્સમેનને આઉટ કર્યો.

ભારતીય ખેલાડીઓએ પોતાની લાગણીઓને કાબૂમાં રાખવાનો પ્રયાસ કર્યો પણ જ્યારે આખું સ્ટેડિયમ એકસાથે ''વંદે માતરમ,'' ''મા તુઝે સલામ,'' અને ''લહરા દો સરકશી કા પરચમ લહરા દો,'' ગાવા લાગ્યું, ત્યારે હાજર રહેલા કોઈપણ વ્યક્તિ માટે પોતાની લાગણીઓને કાબૂમાં રાખવી મુશ્કેલ બની ગઈ. સ્ટેડિયમમાં હાજર ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને વીવીએસ લક્ષ્મણ પણ ભારતીય ધ્વજ લહેરાવતા જોવા મળ્યા.

ફોર્મમાં ચાલી રહેલી ઓપનર પ્રતિકા રાવલની ઈજા બાદ ટીમમાં જોડાયેલી શેફાલીએ કહ્યું હતું કે, કદાચ ભગવાને તેના માટે કોઈ સારી યોજના બનાવી હશે. સેમિફાઇનલમાં ઓછા સ્કોરની નિરાશાને તેણે દૂર કરી અને ફાઇનલમાં તે સાબિત કર્યું, જ્યારે દીપ્તિએ પણ ટુર્નામેન્ટમાં ૨૨ વિકેટ લઈને અને ૨૦૦ થી વધુ રન બનાવીને એક નવો રેકોર્ડ બનાવ્યો.

# વિશ્વ ચેમ્પિયન ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પર ઈનામોની વર્ષા: કુલ ૯૦ કરોડનું ઈનામ મળશે

**મુખ્ય સમાચાર, મુંબઇ**



વિમેન્સ વર્લ્ડકપમાં બાવન વર્ષનાં ઈતિહાસમાં ભારત પ્રથમ વખત ચેમ્પીયન બન્યુ છે.તે સાથે જ ભારતીય ટીમ પર ઈનામોનો વરસાદ થયો છે.વર્લ્ડ ચેમ્પીયન બનવા સાથે કુલ ૯૦ કરોડનું ઈનામ મળ્યું છે. જયારે ટુર્નામેન્ટ આયાજકો તરફથી ૩૯.૫૫ કરોડનું ઈનામ અપાયુ છે. મહિલા વિશ્વકપનાં ઈતિહાસમાં અત્યાર સુધીની આ સૌથી મોટી ઈનામી રકમ છે. ભારતની વર્લ્ડકપ જીત બાદ ક્રિકેટ બોર્ડ દ્વારા એકાવન કરોડના રોકડ ઈનામની જાહેરાત કરી હતી.ખેલાડીઓ, કોચ તથા સપોર્ટ સ્ટાફને આ ઈનામી રકમ મળશે.મહિલા ક્રિકેટ ટીમને અત્યાર સુધીનુ આ સૌથી મોટુ ઈનામ આપવામાં આવ્યું છે. ભારતની જીત બાદ ક્રિકેટ બોર્ડનાં સેક્રેટરી દેવજીત સૌકિયાએ કહ્યું કે ૧૯૮૩ માં કપિલદેવનાં નેતૃત્વમાં ભારતીય મેન્સ ટીમે વર્લ્ડકપ જીતીને ઈતિહાસ રચ્યો હતો.તેવી જ લાગણી ઉતેજના અને ગૌરવ મહિલા ટીમનાં ટીમનાં વિજયથી થયો છે. મહિલા ટીમો માત્ર ટ્રોફી જ નહિં. કરોડો ભારતીયોના દિલ જીતી લીધા છે. નવી પેઢી માટે પ્રેરણાોત બનશે. ક્રિકેટ બોર્ડનાં અધ્યક્ષ જય શાહ, મહિલા ક્રિકેટને પ્રોત્સાહન આપત હતા તેનું આ પરીણામ છે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં આઇસીસી એ જાહેરાત કરી હતી કે ૨૦૨૫ મહિલા ઓડીઆઇ વર્લ્ડ કપની વિજેતા ટીમને અત્યાર સુધીની સૌથી મોટી ઇનામી રકમ મળશે, અને બરાબર એવું જ થયું. આ વર્ષની ચેમ્પિયન ટીમ, ભારતને ૭૪૪.૪૮ મિલિયન, અથવા આશરે ૩૯.૫૫ કરોડ (આશરે ૧.૯૫ બિલિયન) એનાયત કરવામાં આવી હતી.

# મોરબી બેંકમાં દાવા વગરના નાણા હકદારોને પાછા અપાવવા મેગા જાગૃતિ કેમ્પ યોજાયો

## કેમ્પ અન્વયે સ્થળ પર ૧૮ દાવેદારોને રૂ. ૨૪ લાખના દાવાના સર્ટીફીકેટ એનાયત કરાયા; અન્યને જરૂરી માર્ગદર્શન અપાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં લીડ બેંક - સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા નાગરિકો અને બેંકોને અન્ય નાણાકીય સંસ્થાઓમાં રહેલા દાવા વગરના (Unclaimed Financial Assets) નાણા વિશે માહિતી આપવા તથા આ નાણાં માટે દાવો કેવી રીતે કરવું તે સમજાવવાના હેતુથી મેગા જાગૃતિ કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્થળ પર જ ૧૮ દાવેદારોને ૨૪ લાખના દવાઓના સર્ટિફિકેટ મંચસ્થ મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.





ભારત સરકારના નાણામંત્રાલયના નાણાકીય સેવા વિભાગ (DFS) દ્વારા ભારતીય રિઝર્વ બેન્ક, IRDAI, SEBI અને IEPFA ના સહયોગથી 'તમારા પૈસા, તમારો અધિકાર' નામે રાષ્ટ્રીય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે મોરબીમાં યોજાયેલ મેગા જાગૃતિ કેમ્પમાં દાવા વિનાના ૨૪ લાખ રૂપિયા માટે ૧૮ દાવેદારોને નાણાકીય રાશી અર્પણ કરવામાં આવી હતી. જ્યારે અન્ય દાવા વિનાની નાણાકીય રકમ ઝડપથી મેળવવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નાગરિકોને નાણાકીય અને ડિજિટલ જાગૃતિ આપવા માટે મહત્વપૂર્ણ સાબિત થયો હતો જેમાં લોકોએ પોતાના નાણાકીય અધિકારો અને સુરક્ષા વિશે વધુ માહિતગાર બન્યા હતા. આ કાર્યક્રમમાં દાવો ન કરાયેલ થાપણો અંગેના અભ્યાન પુસ્તકનો વિમોચન, જાગૃતિ વિડિયો પ્રદર્શન, દાવા કરવાની પ્રક્રિયા અને સાયબર સુરક્ષા અંગે સત્રનું આયોજન તથા છેતરપિંડીથી બચવાના ઉપાયો માટેનું સત્ર સહિતના આયોજનો કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં DGM, SLBC ગુજરાત વીણાબેન શાહ, મોરબી લીડ બેંક મેનેજર સાકીર છીપા, મોરબી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના ઉપમા પ્રબંધક મોહન કૃષ્ણ, બેંક ઓફ બરોડાના ડીઆરએમ ધીરજ મહારોત્રા, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા મોરબી ક્ષેત્રના ચીફ મેનેજર યશ અગ્રવાલ, મોરબી નાબાર્ડ જીલ્લા વિકાસ અધિકારી આદિત્ય નિકમ તથા વિવિધ નાણાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ બેંકના અધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી લોહાણા સમાજમાં ઉથલપાથલ પ્રમુખ અને તેના પુત્ર સામે સમાજનો આક્રોશ, રાજીનામાની માંગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં જલારામ જયંતિની શોભાયાત્રા દરમિયાન થયેલી અથડામણ બાદ મોરબી લોહાણા સમાજમાં ઉથલપાથલ સર્જાઈ છે. પ્રમુખ ગીરીશભાઈ ઘેલાણી અને તેમના પુત્ર ભાવિન ઘેલાણી પર અયોગ્ય વર્તનના આક્ષેપો બાદ સમાજના આગેવાનોએ તેમના રાજીનામાની માંગ કરી છે, નહીં તો આંદોલનની ચેતવણી આપી છે.



મોરબી શહેરના લોહાણા સમાજમાં ગત તા.૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પૂજ્ય જલારામ બાપાની જયંતિ ધામધૂમથી ઉજવાઈ હતી. આ પ્રસંગે યોજાયેલી શોભાયાત્રા જલારામ મંદિરે પુર્ણ થતી વખતે સમાજના પ્રમુખ ગીરીશભાઈ ઘેલાણી તથા તેમના પુત્ર ભાવિન ઘેલાણીએ શોભાયાત્રા સમિતિના કેટલાક યુવાનો સાથે તણાવ અને માથાકૂટ કરી હતી. આ દરમિયાન લોહાણા સમાજના વડીલ અગ્રણી ઘનશ્યામભાઈ પુજારા ત્યાં પહોંચ્યા ત્યારે તેમની સાથે પણ બોલચાલ વધતાં તેમને અપમાનજનક વર્તનનો સામનો કરવો પડ્યો હતો. ઘટના દરમિયાન ઘનશ્યામભાઈને મનમાં લાગી આવતા અચાનક હાર્ટ એટેક આવતા બેહોશ થઈ ઢળી પડ્યા હતા, પરંતુ ત્યારે પણ સ્થળ પર હાજર જલારામ મંદિરના સંચાલકો તથા લોહાણા સમાજના પ્રમુખ હોવા છતાં તેમની મદદ ન કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. પરિણામે યુવાનોને ઘનશ્યામભાઈને મોટરસાયકલ પર હોસ્પિટલ લઈ જવા પડ્યા હતા.

આ બનાવ બાદ સમગ્ર લોહાણા સમાજમાં ભારે પ્રત્યાઘાતો પડ્યા છે. આજે તા.૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મોરબી લોહાણા વિદ્યાર્થી ભુવન ખાતે સમાજના આગેવાનોની તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી હતી. બેઠકમાં સર્વસંમતિથી લોહાણા સમાજના પ્રમુખ ગીરીશભાઈ ઘેલાણી તથા જલારામ મંદિરના સંચાલકોને તાત્કાલિક રાજીનામા આપવા માગણી કરવામાં આવી છે. સમાજના આગેવાનોનું કહેવું છે કે જો આગામી દિવસોમાં રાજીનામા નહીં આપવામાં આવે તો લોહાણા સમાજ ગાંધીજીના અહિંસક માર્ગે આંદોલન કરશે. આ નિર્ણય બાદ સમગ્ર મોરબી લોહાણા સમાજમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે.

# મોરબીમાં કમોસમી વરસાદથી પાકને ભારે નુકસાન સરપંચ એસોસિએશનની સહાય માંગતી રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકામાં ૨૭ ઑક્ટોબરથી ૧ નવેમ્બર દરમિયાન પડેલા અતિશય વરસાદના કારણે પાકોને ભારે નુકસાન થયું છે. ખેતરોમાં પાણી ભરાયા અને કાચા માર્ગો કાદવથી ભરાતા અવરજવર મુશ્કેલ બની છે. આ પરિસ્થિતિમાં મોરબી તાલુકા સરપંચ એસોસિએશને જીલ્લા ખેતીવાડી અધિકારીને લેખિત રજૂઆત કરી, તાત્કાલિક પાક સહાય પેકેજ જાહેર કરવા અને ખેડૂતોની લોન માફ કરવાની માંગ કરી છે.

મોરબી તાલુકામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતો હાલ ગંભીર મુશ્કેલીમાં મુકાયા છે. તા. ૨૭ ઑક્ટોબરથી ૧ નવેમ્બર દરમિયાન મોરબી તાલુકામાં ૮૦મીમી.થી વધુ વરસાદ નોંધાયો હતો. આ અતિશય વરસાદને કારણે ખેતરોમાં ઉભેલા પાકો સંપૂર્ણ ધોવાઈ ગયા છે, જેના કારણે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. આ અંગે મોરબી તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા મોરબી જીલ્લા પંચાયતના ખેતીવાડી અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે વરસાદને કારણે અનેક ગામોમાં ખેતરો પાણીથી ભરાઈ ગયા છે અને કાચા માર્ગો કાદવથી ભરાયા હોવાથી પરિવહન અને અવરજવર પણ મુશ્કેલ બની ગઈ છે.

એસોસિએશને માંગણી કરી છે કે હાલની પરિસ્થિતિ ગંભીર હોવાથી કોઈપણ જાતના વિલંબ વિના તાત્કાલિક પાક નુકસાન સહાય પેકેજ જાહેર કરવું જોઈએ. સાથે સાથે ખેડૂતોના લોન અને ધિરાણ માફ કરવામાં આવે, કારણ કે સર્વે પ્રક્રિયા લાંબી હોય છે અને તાત્કાલિક રાહત જરૂરી છે. વધુમાં જણાવાયું છે કે સરકારે મોરબી તાલુકાના વરસાદના સરકારી આંકડા આધારે તરત જ સહાયની જાહેરાત કરીને ખેડૂતોને રાહત પૂરી પાડવી જોઈએ.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈ. સી. મેમ્બર તરીકે પ્રો. જયદિપસિંહ ડોડીયાની નિમણૂંક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇ. સી. મેમ્બર તરીકે અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર ડો. જયદિપસિંહ ડોડીયાની નિમણૂંક થયેલ છે. પ્રો. જયદીપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ, સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ ,બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ, બોર્ડ ઓફ એકાઉન્ટ, બોર્ડ ઓફ સ્ટડીજ ઈન ઇંગ્લિશ તેમજ રાજસ્થાનની વર્ધમાન મહાવીર યુનિવર્સિટી કોટાની એકેડેમીક કાઉન્સિલનાં સભ્ય સહીતના મહત્વના સત્તા મંડળોમાં સક્રિય સભ્ય રહી ચુક્યા છે. ૨૦૧૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટી એવી આર્ટસ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીન એમ બંને પદે સારીએવી લીડથી ચૂંટાઈને પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ વિક્રમ સર્જ્યો હતો. તેઓએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણની વાઇસ ચાન્સેલર સર્ચ કમિટીના બે વાર અધ્યક્ષ અને એક વખત યુ.જી.સી. ચેરમેનનાં નોમીની તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી છે. ઓક્ટોબર ૨૦૧૩ માં પ્રો. ડોડીયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે અલ્પ સમય માટે કરેલી યશસ્વી કામગીરી ગુજરાતનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવી નોંધપાત્ર રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૯૮માં પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી ત્યારે તેઓ સિન્ડીકેટ સભ્ય ( ઈ. સી. મેમ્બર) હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એકજીક્યુટિવ કાઉન્સિલના સભ્ય પદે નિયુક્ત થવા



બદલ પ્રો.જયદિપસિંહ ડોડીયાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. ઉત્પલ જોશી, શ્રી ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢના કુલપતિ પ્રોફે. ડો પ્રતાપસિંહ ચૌહાણ, પૂર્વ ઉપકુલપતિ ડો. કલ્પકભાઈ ત્રિવેદી, સિઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, ઉદ્યોગપતિ અભયસિંહ ડોડિયા ( હિમાલય રેફ્રીજરેસન ઇન્ડસ્ટ્રીઝ), ઉદયસિંહ રામભાઈ ઝાલા ( ખાપટ ગીર), દીપસિંહ રામભાઈ ઝાલા ( ખાપટ ગીર), કે. ડી. વૈંશ ( આલીદર) , સગાભાઈ રાણાભાઈ બારડ ( બુધેચા) , રમેશભાઇ કે. સાકરીયા( રાધિકા સિલ્વર, રાજકોટ) , તથા જાણીતા યુવા એડવોકેટ હાર્દિક જી. ડોડિયા સહિતના અનેક શુભેચ્છકો, શિક્ષણવિદો અને સામાજિક સંસ્થાના અ ગ ્ ણ ી અ ા ે અ ે (મો.૯૬૮૭૬૯૨૯૫૦) અઢળક શુભેચ્છાઓ પાઠવી છે.

# મોરબીમાં પ્રોપેન ગેસ સપ્લાયરોની દાદાગીરી સામે સિરામિક ઉદ્યોગ લાલઘૂમ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સિરામિક ઉદ્યોગકારોએ પ્રોપેન સપ્લાય કરતી કંપનીઓની મોનોપોલી સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. ઇન્ટરનેશનલ પ્રાઈઝ સતત ઘટતા હોવા છતાં સ્થાનિક સપ્લાયરો દ્વારા ઊંચા દરે ગેસ સપ્લાય થતો હોઈ ઉદ્યોગને મોટો આર્થિક ફટકો લાગી રહ્યો છે. આ પરિસ્થિતિને પગલે ઉદ્યોગકારોએ આકસ્મિક બેઠક બોલાવી અને દાદાગીરી કરતી એક કંપનીની ખરીદી બંધ કરવાનો સામૂહિક નિર્ણય લીધો છે.



મોરબી તા. ૧ નવેમ્બરના રોજ મોરબી સિરામિક એસોસિએશન હોલ ખાતે સિરામિક ઉદ્યોગકારોની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. બેઠકમાં ઉદ્યોગકારોએ છેલ્લા ત્રણ મહિનાથી પ્રોપેન અને એલપીજી ગેસના ઇન્ટરનેશનલ પ્રાઈઝ સતત ઘટતા હોવા છતાં સ્થાનિક સપ્લાયરો દ્વારા ભાવ ન ઘટાડતા નારાજગી વ્યક્ત કરી હતી. મળતી માહિતી મુજબ, પ્રોપેન સપ્લાય કરતી કેટલીક કંપનીઓએ મળીને સિન્ડિકેટ બનાવી મોનોપોલી સ્થાપી છે અને ઇન્ટરનેશનલ ભાવ મુજબ ગેસ સપ્લાય કરવાને બદલે આશરે રૂ.૫૦૦૦/- પ્રતિ ટન જેટલો વધારાનો દર વસૂલ કરવામાં આવી રહ્યો છે. ઉદ્યોગકારોએ જણાવ્યું કે આ વધારાના ભાવને કારણે ટાઈલ્સની પ્રોડક્શન કોસ્ટ વધે છે, જેના કારણે ઇન્ટરનેશનલ માર્કેટમાં મોરબીના ઉત્પાદનો સ્પર્ધાત્મક રહી શકતા નથી. બેઠકમાં ઉદ્યોગકારોએ ચર્ચા કરીને નક્કી કર્યું કે જો આવું જ ચાલતું રહેશે તો ઉદ્યોગને ભારે નુકસાન થશે. તેથી દાદાગીરીપૂર્વક ઊંચા ભાવ વસૂલ કરતી એક પ્રોપેન સપ્લાય કંપની સામે સામૂહિક પગલું ભરી તેની ખરીદી તાત્કાલિક અસરથી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# મોરબીમાં પ્રતાપ સર્કલથી નેશનલ હાઈવે સુધી વાઈટ ટોપિંગ રોડનું રૂ.૬.૯૪ કરોડનું ટેન્ડર જાહેર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રતાપ સર્કલથી નેશનલ હાઈવે(એનએચ-૨૭) સુધીના ચક્કર રોડ પર વાઈટ ટોપીંગ ટ્રીટમેન્ટના કામ માટે રૂ.૬.૯૪ કરોડનું ટેન્ડર જાહેર કરાયું છે. ટૂંક સમયમાં એજન્સી ફાઈનલ થતાં જ કામ શરૂ થશે, જેનાથી શહેરના રહેવાસીઓને આધુનિક અને મજબૂત માર્ગ સુવિધા મળશે.



મોરબી શહેરના ટ્રાફિકથી ધમધમતા એવા પ્રતાપ સર્કલથી નેશનલ હાઈવે (એનએચ-૨૭) સુધીના ચક્કર રોડને હવે નવી ચમક મળશે. મોરબી મહાનગરપાલિકાની સિવિલ અને સિટી બ્યુટીફિકેશન શાખા દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, આ માર્ગ પર વાઈટ ટોપીંગ ટ્રીટમેન્ટના કામનું રૂ.૬.૯૪ કરોડનું ટેન્ડર લાઈવ કરવામાં આવ્યું છે. આ યોજનામાં સબગ્રેડ લેયરમાં ૨૦૦ મી.મી. ડબલ્યુ.બી.એમ, સબબેઝ લેયરમાં ૧૫૦ મી.મી. પીસીસી ટ્રીટમેન્ટ અને એમ-૩૫ ગ્રેડ સાથે ૨૫૦ મી.મી. વાઈટ ટોપીંગ લેયરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આશરે ૧૦ મીટર પહોળાઈ ધરાવતા આ રોડના કામથી માર્ગ વધુ ટકાઉ અને સમતલ બનશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થતા જ પસંદગી થયેલી એજન્સી દ્વારા કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. રોડ તૈયાર થયા બાદ આસપાસની સોસાયટીઓના રહેવાસીઓ અને શહેરીજનોને સુખાકારીની નવી સુવિધા પ્રાપ્ત થશે અને ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થશે.

# મોરબી જલારામ ધામ ખાતે ૪ નવેમ્બરે વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શ્રી જલારામ ધામ ખાતે આગામી ૪ નવેમ્બરે નરેન્દ્રભાઈ ચીમનલાલ પુજારા પરિવારના સહયોગથી વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે. અત્યાર સુધીમાં યોજાયેલા ૪૯ કેમ્પમાં ૧૩૮૯૭ લોકોએ લાભ લીધો છે અને ૬૨૯૭ લોકોના નેત્રમણીના વિનામુલ્યે સફળ ઓપરેશનો થયા છે.



મોરબી શહેરના શ્રી જલારામ ધામ ખાતે આગામી તા. ૪-૧૧-૨૦૨૫ મંગળવારના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન સર્વજ્ઞાતિય વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ નરેન્દ્રભાઈ ચીમનલાલ પુજારા પરિવારના સહયોગથી યોજાઈ રહ્યો છે. આ કેમ્પનું આયોજન સમગ્ર ગુજરાતની અગ્રણી આંખની હોસ્પિટલ શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ, શ્રી જલારામ ધામ, મોરબી અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, મોરબીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવે છે. દર મહીનાની ૪ તારીખે નિયમિતપણે યોજાતા આ કેમ્પમાં અત્યાર સુધીના ૪૯ કેમ્પમાં કુલ ૧૩૮૯૭ લોકોએ આંખની સારવારનો લાભ લીધો છે, જેમાંથી ૬૨૯૭ લોકોના નેત્રમણીના વિનામુલ્યે સફળ ઓપરેશનો કરવામાં આવ્યા છે. કેમ્પ દરમિયાન ડૉ. બળવંતભાઈ, ડૉ. સુદામા, હેમુભાઈ પરમાર અને નિલેશભાઈ રાઠોડ સહિતની નિષ્ણાત ટીમ દર્દીઓની આંખોની તપાસ કરશે અને અત્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વિના સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ સાથેના નેત્રમણીના વિનામુલ્યે ઓપરેશન કરવામાં આવશે. રહેવા, જમવા, ચા-પાણી, નાસ્તો, ચશ્મા, ટીપા તથા રાજકોટ જવા-આવવાની વ્યવસ્થા સંસ્થા દ્વારા વિનામુલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કેમ્પમાં ભાગ લેવા માટે કોઈ એડવાન્સ બુકિંગની જરૂર નથી, પરંતુ દર્દીને આધાર કાર્ડ સાથે લાવવું અનિવાર્ય છે. વધુ માહિતી માટે ગીરીશભાઈ ઘેલાણી-મો. ૯૮૨૫૦૮૨૪૬૮, હરીશભાઈ રાજા-મો. ૯૮૭૯૨૧૮૪૧૫ અને અનિલભાઈ સોમૈયા-મો. ૮૫૧૧૦૬૦૦૬૬નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# મોરબી જૂની આરટીઓ કચેરી નજીક રીક્ષાના ચોરખાનામાંથી દારૂનો મોટો જથ્થો જપ્ત, એક આરોપીની અટક

## મોરબી ક્રાઈમ બ્રાંચની કામગીરી કુલ રૂ.૨.૩૯ લાખના મુદામાલ સાથે દારૂનો જથ્થો કબજે, બે આરોપી ફરાર



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના કંડલા બાયપાસ રોડ પર જુની આરટીઓ કચેરી પાસે રીક્ષામાં બનાવેલ ચોરખાનામાંથી ક્રાઈમ બ્રાંચે ૯૬ બોટલ અંગ્રેજી દારૂ, બે રીક્ષા અને મોબાઈલ મળી કુલ રૂ.૨,૩૯,૬૦૦નો મુદામાલ કબજે કર્યો હતો. આ સાથે એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે, જ્યારે પાયલોટિંગ કરનાર રીક્ષામાં સવાર બે આરોપીઓ રીક્ષા તથા બે મોબાઈલ રેઢા મૂકીને નાસી ગયા હતા. હાલ પોલીસે ત્રણેય આરોપી તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા ખાનગીરાહે મળેલ બાતમીને આધારે મોરબી-કંડલા બાયપાસ રોડ પર જુની આરટીઓ કચેરી નજીકથી રીક્ષામાં છુપાવેલ દારૂનો મોટો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસને મળેલી માહિતી અનુસાર, રવીરાજ ચોકડી તરફથી આવતી એક ઓટો રીક્ષા રજી.નં. જી જે - ૨૦ - વી - ૧ ૨ ૦ ૪ મા ં ચોરખાનામાં અંગ્રેજી દારૂની હેરાફેરી કરવામાં આવે છે. જેથી મોરબી ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ ભરાયેલ હતો. ઉપરોક્ત રિક્ષાની વોચમાં હતા ત્યારે હકીકત મુજબની રીક્ષા આવતાં તેને રોકી તલાસી લેતા રીક્ષાના પાછળના ભાગમાં બનાવેલા ચોરખાનામાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૯૬ બોટલો મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી સુરજ રાજેશભાઈ તીવારી રહે. રાજકોટ માર્કેટીંગ યાર્ડ, મુળ અયોધ્યા, યુ.પી.વાળાને ઝડપી લેવામાં આવ્યો હતો, તેની સાથે પાયલોટિંગ કરતી બીજી ઓટો રીક્ષા જીજે-૦૩-બીએક્સ-૮૨૧૬ વિશે પૂછપરછ કરતા તે પકડાયેલ રિક્ષાનું આગળ આગળ પાયલોટિંગ કરતી હોવાનું જણાવતા, પોલીસે તે રિક્ષાને પણ અટકાવવામાં આવી હતી. જ્યારે પાયલોટિંગ રીક્ષામાં સવાર આરોપી મુન્નો પલીત અને શાહરૂખ રહે. રાજકોટ વાળા રીક્ષા તથા બે મોબાઈલ રેઢા મૂકીને નાસી ગયા હતા. હાલ પોલીસે બે રીક્ષા, વિદેશી દારૂ, બે મોબાઈલ સહિત કુલ રૂ.૨,૩૯,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા ૧૦ નવેમ્બરે યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક તા. ૧૦ નવેમ્બર ૨૦૨૫ સોમવારના રોજ સવારે ૧૨ વાગ્યે જીલ્લા પંચાયતના સભાખંડ રૂમ નંબર ૧૯ ખાતે યોજાશે. બેઠકમાં માર્ગ-મકાન વિભાગના કામ, એજન્સીઓની કામગીરી, જપ્તી પ્રક્રિયા, નાણાપંચના ફંડની મંજૂરીઓ તથા વિવિધ યોજનાઓની બહાલીને લગતા મુદ્દાઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની આગામી બેઠક તા. ૧૦/૧૧/૨૦૨૫, સોમવારના રોજ સવારે ૧૨૦૦ કલાકે જીલ્લા પંચાયત મોરબીના સભાખંડ રૂમ નં. ૧૯માં યોજાશે. આ બેઠક માટે તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. બેઠકની કાર્યવાહીના અધ્યક્ષ સ્થાને જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન જેઠાભાઈ પારેધી સંભાળશે, જ્યારે સચિવ તથા જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી દ્વારા કામગીરી સંચાલિત થશે. બેઠકની કાર્યસૂચિ મુજબ, સામાન્ય સભાની અગાઉની બેઠકની કાર્યવાહી તથા ઠરાવોની અમલવારીને બહાલી આપવી, જુદી જુદી સમિતિઓની કાર્યવાહી મંજૂર કરવી અને સભ્યો તરફથી મળેલ નવા પ્રસ્તાવોને ચર્ચા માટે સ્વીકારવા જેવા મુદ્દાઓ સામેલ છે. આ બેઠકમાં ખાસ કરીને માર્ગ અને મકાન વિભાગના કામો અંગે ચર્ચા થવાની છે. જૂના ઘાટીલા થી ટીકર રોડને માર્ગ-મકાન રાજ્ય વિભાગ હસ્તક સોંપવા, તેમજ પાયોનીયર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રાજકોટ નામની એજન્સીને કામમાંથી મુક્ત કરી બ્લેકલિસ્ટ કરવાની દરખાસ્ત રજૂ થશે.

તે ઉપરાંત, વાંકાનેર તાલુકાના ચાર અલગ અલગ રોડ કન્સ્ટ્રક્શનના કામો, જેમ કે અમરસરથી મીતાણા રોડ, પાંચદ્વારકા રોડ, અરણીટીંબા થી પીપળીયારાજ રોડ, તથા માર્કેટિંગ યાર્ડથી રાજાવડલા રોડ અંગે ઈએમડી ડિપોઝીટની જપ્તી અને એજન્સી સામે કાર્યવાહીનો પ્રસ્તાવ પણ ચર્ચાશે. આ સિવાય ઉમિયા કન્સ્ટ્રક્શન, હિંમતનગરની એજન્સી સામે સમથેરવા થી નાગલપર રોડના અધૂરા કામ અંગે કાર્યવાહી કરીને બાકી રહેલું કામ અન્ય એજન્સીને સોંપવાનો મુદ્દો પણ રજૂ થવાનો છે. બેઠકમાં જીલ્લા પંચાયત સ્વભંડોળ, રેતી રોયલ્ટી, ૧૫માં નાણાપંચ ફંડ, પ્રમુખ તથા જી.વી.અ.શ્રીની ઐચ્છીક ગ્રાન્ટો જેવી યોજનાઓ અંતર્ગત મળેલા કામોને સૈધાંતિક અને વહીવટી મંજુરી આપવા તથા અગાઉ મંજૂર થયેલ કામોને બહાલી આપવા સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા થશે.

# મોરબી જીલ્લામાં કમોસમી વરસાદથી ખેતીમાં થયેલી નુકસાનીની સમીક્ષા કરતા મંત્રી અમૃતીયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ઓક્ટોબર-૨૦૨૫માં પડેલ કમોસમી વરસાદથી થયેલ ખેતીપાકને નુકસાન બાબતે શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં જીલ્લાની સ્થિતિ અંગે સમીક્ષા કરી મંત્રીએ જરૂરી સૂચનો કર્યા હતા.



આ બેઠકમાં મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, તમામ પરિસ્થિતિમાં સરકાર ખેડૂતોની પડખે ઊભી છે અને હાલ કમોસમી વરસાદની પરિસ્થિતિમાં સરકાર સંવેદનશીલ બની કામગીરી કરી રહી છે, ત્યારે અધિકારી/કર્મચારીઓએ માનવીય અભિગમ દાખવી ખેડૂતો માટે કામગીરી કરવા જણાવ્યું હતું. નુકસાની સર્વેની કામગીરી સમય મર્યાદામાં કરી કોઈ ખેડૂત સાથે અન્યાય ન થાય તે બાબતે ખાસ તકેદારી રાખવા મંત્રીએ તાકીદ કરી હતી. વધુમાં હાલ કેટલી ટીમ છે તે બાબતે માહિતી મેળવી જરૂર પડ્યે ટીમ વધારવા પણ જણાવ્યું હતું. આ બેઠકમાં તાલુકાવાર અને પાકવાર ફાઈનલ વાવેતર મુજબ ખરીફ પાક-૨૦૨૫ ની સ્થિતિ, વર્ષ-૨૦૨૫ માં વરસાદની આંકડા, જીલ્લામાં કમોસમી વરસાદથી થયેલ નુકસાનની તાલુકાવાર વિગતો, નુકસાનગ્રસ્ત વિસ્તાર અને સર્વેની જોગવાઈ તથા તેની અમલવારી સહિતના મુદ્દાઓ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી, સાંસદ ચંદુભાઈ શિહોરા, ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, જીતુભાઈ સોમાણી, જીલ્લા કલેક્ટર સ્વપ્નિલ ખરે, જીલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવી, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, નિવાસી અધિક કલેક્ટર ઉમંગ પટેલ, જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ હિરાભાઈ ટમારીયા અને કારોબારી સમિતિના ચેરમેન પ્રવીણભાઈ સોનગ્રા, તાલુકા પંચાયતના પ્રમુખો, પ્રાંત અધિકારી સર્વ સુશીલ પરમાર, ધાર્મિક ડોબરીયા, વિપુલ સાકરીયા, મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નર કુલદીપસિંહ વાળા, નાયબ જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ, જીલ્લા ખેતવાડી અધિકારી હિમાંશુ ઉસદડીયા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૬ નવેમ્બર થી શરૂ થતા ખેલ મહાકુંભના પ્રચાર પ્રસાર માટે સોશિયલ મીડિયા ક્રિએટર્સ મીટનું આયોજન કરવામાં આવ્યું




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આગામી ૬ નવેમ્બરથી ખેલ મહાકુંભનું પૂરા ગુજરાતમાં ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં અલગ અલગ સ્પર્ધાઓના આયોજનમાં રેકોર્ડ બ્રેક ૭૨ લાખથી વધુ રજીસ્ટ્રેશન થયા છે જેમાં ૬ નવેમ્બરથી તાલુકા કક્ષાએ થી શરૂવાત થઈ ૧૭ જાન્યુઆરી સુધીમાં રાજ્ય લેવલની અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ આયોજનના સંદર્ભમાં આજે અમદાવાદના નારણપુરા ખાતે બનાવવામાં આવેલા વિશ્વ કક્ષાના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ખેલ મહાકુંભ ૨૦૨૫ના પ્રચાર પ્રસાર માટે સોશિયલ મીડિયા ક્રિએટર્સ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત ના જાણીતા સોશિયલ મીડિયા ક્રિએટર્સ સાથે જ જાણીતા કલાકાર અભિનેતા મૌલિક ચૌહાણ, ફિલ્મ ડિરેક્ટર વિપુલ જાંબુચા, સોશિયલ મીડિયા ક્રિએટર પરાગ દિહોરા અને ભાવિન ભાવસાર અને સોશિયલ મીડિયા ઈન્ચાર્જ સ્મિત પઢિયાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા સાથે જ ખેલ મહાકુંભ થકી દેશ વિદેશમાં નામના મેળવનાર નેશનલ અને ઈન્ટરનેશનલ વેસ્લિંગ પ્લેયર સનોફર પઠાણ પણ હાજર રહ્યા હતા અને ખેલ મહાકુંભ વિશે વાત કરી હતી.

પુરા કાર્યક્રમનું સંચાલન અને ખેલ મહાકુંભ ૨૦૨૫ વિશેની માહિતી ગુજરાતના જાણીતા મોટીવેશન ટ્રેનર અને સ્પીકર ભૂષણ કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ના અધિકારીઓ અને વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ નારણપુરા ખાતેના આયોજનમાં સહભાગી બન્યા હતા.

આ આયોજનમાં ખેલ મહાકુંભ ને સોશિયલ મીડિયામાં વાયરલ કરીને વધુમાં વધુ લોકો સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

# હળવદના શીવપુર ગામે શેઢા બાબતે નાનાભાઈએ મોટાભાઈને ખંપારી મારી ઈજા પહોંચાડી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પંથકના શીવપુર ગામે એક શેઢે આવેલ વડીલો પાર્જીત ખેતરની જમીન બાબતે સામાન્ય બોલાચાલી થયા બાદ નાનાભાઈએ તેના સગા મોટાભાઈને ખેતીના ઓજાર ખંપારી મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે ઈજાગ્રસ્ત મોટાભાઈએ હળવદ પોલીસ મથકમાં નાનાભાઈ સામે ફરિયાદ નોંધાવી છે.

હળવદ તાલુકાના શીવપુર ગામે રહેતા નારણભાઇ શિવાભાઈ ફુલતરીયા ઉવ.૫૯ ગઈકાલ તા.૦૨/૧૧ના રોજ સવારે ચોથળુ તરીકે ઓળખાતી સીમમાં આવેલ પોતાના વડીલો પાર્જીત ખેતરે આંટો મારવા ગયા હતા ત્યારે તેમના ખેતરની બાજુમાં તેમના નાનાભાઈ હસમુખભાઈ શિવાભાઈ ફુલતરીયાની વાડી આવેલ હોય તેઓ પણ ત્યાં આંટો મારવા આવ્યા હોય તે દરમિયાન નાનાભાઈએ ફરીયાદી નારણભાઇ સાથે શેઢા બાબતે બોલાચાલી કરી એકદમ ઉશ્કેરાઈને પોતાબ હાથમાં રહેલ ખંપારીનો ફરિયાદી નારણભાઇ હાથમાં એક ઘા મારી દીધો અને જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યો ગયો હતો. જે બાદ નારણભાઇને તેમના દીકરા અને ખેતરમાં કામ કરતા શ્રમિક હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. ત્યારે હાલ નારણભાઇએ હળવદ પોલીસ મથકમાં પોતાના સગા નાનાભાઈ એવા આરોપી હસમુખભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ માર્કેટયાર્ડમાં બે દિવસમાં ૧.૫ લાખ મણથી વધુ કૃષિ જણસીની આવક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં શનિવાર અને સોમવારના રોજ કૃષિ જણસીઓની નોંધપાત્ર આવક થઈ હતી, જેમાં આ બે દિવસ દરમિયાન માર્કેટયાર્ડમાં ૨,૦૦૦થી પણ વધારે વાહનોનો ખડકલો થયો હતો. યાર્ડના વહીવટીતંત્રે આ ભારે આવકને ધ્યાનમાં રાખીને ઉત્તરાઈની પ્રક્રિયા સુચારુ રીતે ચાલે તે માટે ખાસ વ્યવસ્થા ગોઠવી હતી. રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન જયેશ બોઘરા, વાઇસ ચેરમેન તથા ડિરેક્ટરો સહિતના સ્ટાફ દ્વારા આ સમગ્ર ઉત્તરાઈની વ્યવસ્થાનું સંચાલન કરવામાં આવ્યું હતું.



આ બે દિવસોની કુલ આવક પર નજર કરીએ તો, મગફળીની કુલ આવક ૪૧૦૦૦ મણ નોંધાઈ હતી. (શનિવારે ૨૧૦૦૦ મણ અને સોમવારે ૨૦૦૦૦ મણ) મગફળીની આવક થઈ હતી. સોયાબીનની આવક પણ એટલી જ એટલે કે કુલ ૪૧૦૦૦ મણ (શનિવારે ૨૨૦૦૦ મણ અને સોમવારે ૧૯૦૦૦ મણ) રહી હતી. કપાસની કુલ આવક ૩૪૫૦૦ મણ (શનિવારે ૧૪૫૦૦ મણ અને સોમવારે ૨૦૦૦૦ મણ) નોંધાઈ હતી, જેમાં સોમવારના દિવસે કપાસની આવકમાં જંગી વધારો જોવા મળ્યો હતો.

# અમદાવાદના બી.એ.પી.એસ મંદિરમાં પ્રબોધિની એકાદશીના પવિત્ર દિને યોજાયો ભવ્ય શાકોત્સવ



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

પૃથ્વીને અનેકવિધ શાકભાજી અને ફળોથી સમૃદ્ધ કરી સમગ્ર માનવજાત પર મહેર કરનાર એવા પરમાત્મા પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરવા આ વિશિષ્ટ ઉત્સવની પ્રતિ વર્ષ અનેરા ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક તમામ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરોમાં ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.

આજે, ૨ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ, ચાતુર્માસના અંતે પ્રબોધિની એકાદશીના પવિત્ર દિને અમદાવાદમાં બી.એ.પી.એસ. શાહીબાગ સ્વામિનારાયણ મંદિરે ભગવાન સમક્ષ સેંકડો શાકભાજી અને ફળોની ભવ્ય હાટડીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેંકડો હરિભક્તોએ આજના આ પવિત્ર દિને કલાત્મક રીતે ભગવાન સમક્ષ અર્પણ કરેલાં ૮૦ કરતાં વધુ પ્રકારના શાકભાજી અને ૨૦ કરતાં વધુ પ્રકારના ફળોની હાટડીના દર્શન કર્યા હતાં અને સાંજે વિશિષ્ટ આરતીનો લાભ લીધો હતો.

# રાજકોટ ખાતે રાજ્ય કક્ષાની તરણ સ્પર્ધા સંપન્ન - ૯૪૩ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો

## ગર્લ્સ અન્ડર -૧૯ કેટેગરીમાં રાજકોટની વિહા જાનીને બે ગોલ્ડ અને એક સિલ્વર








**મુખ્ય સમાચાર, રાજકોટ**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર આયોજિત જિલ્લા રમત ગમત અધિકારી, રાજકોટ સંચાલિત રાજ્યકક્ષાની સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રાજ્ય કક્ષાની તરણ સ્પર્ધા રાજકોટના સરદાર પટેલ સ્નાનાગાર ખાતે યોજાઈ હતી.

અંતિમ દિવસે બહેનોની ફાઈનલ સ્પર્ધા સાથે શાળાકીય તરણ સપર્ધાનું સમાપન કરવામાં આવ્યું હતું. તા. ૨૮ ઓક્ટોબર થી ૧ નવેમ્બર દરમ્યાન યોજાયેલી તરણ સ્પર્ધામાં ૪૮૯ ભાઈઓ તેમજ ૪૫૪ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધકોને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિવિધ શહેર અને જિલ્લામાંથી આવેલ સ્પર્ધકો પૈકી ભાઈઓમાં અન્ડર-૧૪ માં ૨૦૬, અન્ડર-૧૭ માં ૧૫૬ અને અન્ડર-૧૯ માં ૧૨૭ સ્પર્ધકો જયારે બહેનોમાં અન્ડર ૧૪ માં ૧૯૩, અન્ડર-૧૭ માં ૧૪૨ અને અન્ડર-૧૯ માં ૧૧૯ સ્પર્ધકોએ રાજ્ય કક્ષાએ ભાગ લઈ કૌવત દેખાડ્યું હતું.

ફ્રી સ્ટાઈલ, બેક સ્ટ્રોક, બટર ફલાય, ડાઈવિંગ સહિતની સ્પર્ધામાં ભાઈઓમાં રાજકોટના વ્યોમ ચનિયારા, રાવલ હવિષ, જય પાણખાણીયા, રામવાણી કેયુર, સોની વીરને વિવિધ કેટેગરીમાં મેડલ્સ મળ્યા છે. જયારે બહેનોમાં રાજકોટની વિહા જાનીને અન્ડર ૧૯ કેટેગરીમાં બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મળતાં તેણીએ ખુશી સાથે જણાવ્યું હતું કે, હું રેસકોર્સ સ્થિત સ્વિમિંગ પુલ ખાતે રોજની ૪ કલાક સ્વિમિંગ અને બે કલાક ગ્રાઉન્ડ એક્સરસાઈઝ કરું છું. આ પહેલા રાષ્ટ્રીય કક્ષાએ બે બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યા છે. તેની રોલ મોડેલ મોટી બહેન જાની રિપ્સા પણ સ્વિમિંગમાં રાષ્ટ્રીય કક્ષાએ મેડલ્સ મેળવી ચુકી છે.

જયારે અન્ડર ૧૪ કેટેગરીમાં રાજકોટની સ્વરા ત્રાંબડિયાએ ૫૦ મી., ૧૦૦ મી. અને ૨૦૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ મેળવતા ખુબ ખુશી વ્યક્ત કરતા તેણીએ ભારત વતી ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભાગ લઈ મેડલ્સ અપાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેણી માત્ર ત્રણ વર્ષની ઉમરેથી સ્વિમિંગ ચાલુ કર્યું હોવાનું અને રોજના ૩ થી ૪ કલાક સ્વિમિંગ પ્રેક્ટિસ કરતી હોવાનું જણાવ્યું હતું.

# જામનગર જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત તાલીમ અપાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ચૂંટણીપંચ દ્વારા ગુજરાતમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) એટલે કે મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમની જાહેરાત કરવામાં આવતા જામનગર જિલ્લામાં આ કાર્યક્રમ અંતર્ગત બીએલઓ માટે ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ તા.૦૭-૦૨-૨૦૨૬ સુધી ચાલશે. જે પૈકી તા.૧ થી તા.૩ નવેમ્બર સુધી વિધાનસભા વિસ્તાર દીઠ બીએલઓને તાલીમ આપવામાં આવી રહી છે.આ કાર્યક્રમ અન્વયે જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કેતન ઠક્કરે ૭૭- જામનગર ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તાર માટે એમપીશાહ કોમર્સ કોલેજ ખાતે ચાલી રહેલ તાલીમ કેન્દ્રની તથા ૭૯- જામનગર દક્ષિણ વિધાનસભા મત વિસ્તાર માટે જામનગરના ધન્વંતરી ઓડિટોરિયમ ખાતે ચાલી રહેલ તાલીમમાં ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ તાલીમમાં જામનગર જિલ્લા પુરવઠા અધિકારી એસ.ડી.બારડ, મામલતદાર તથા લગત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાદા ભગવાનની જન્મજયંતિ નિમિત્તે ''જોવા જેવી દુનિયા''નો આજે મુખ્યમંત્રીના હસ્તે થશે શુભારંભ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિના અવસર પર મોરબીના રવાપુર-ઘુનડા રોડ પર ૩૨ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ૩ થી ૯ નવેમ્બર સુધી ''જોવા જેવી દુનિયા'' મહોત્સવ યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પૂજ્ય દીપકભાઈના હસ્તે આજે રાત્રે શુભારંભ કરવામાં આવશે.

મોરબી ઘડિયાળોના શહેર તરીકે વિશ્વભરમાં ખ્યાતિ મેળવનાર મોરબી હવે એક આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પણ ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ નિમિત્તે અહીં ૩ થી ૯ નવેમ્બર દરમ્યાન ભવ્ય મહોત્સવ ''જોવા જેવી દુનિયા''નું આયોજન કરવામાં આવ્યું છે. રવાપુર-ઘુનડા રોડ પર ફેલાયેલા ૩૨ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં તૈયાર કરાયેલ આ થીમ પાર્ક





આધ્યાત્મિકતા, વિજ્ઞાન અને ટેકનોલોજીનો અનોખો સમન્વય રજૂ કરશે. મહોત્સવનો શુભારંભ આજે રાત્રે ૮.૩૦ વાગ્યે પૂજ્ય દીપકભાઈ તથા ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવશે. આ પ્રસંગે દાદા ભગવાનના જીવનચરિત્ર પર આધારિત પુસ્તક શ્રેણી ''જ્ઞાની પુરુષ''ના ભાગ ૬ નું વિમોચન પણ પૂજ્ય દીપકભાઈના હસ્તે કરવામાં આવશે. શુભ અવસરે પૂજ્ય દીપકભાઈના આશીર્વચન અને મુખ્યમંત્રીના સંબોધનથી કાર્યક્રમ પ્રેરણાદાયક બનશે. ત્યારબાદ દાદા ભગવાનના ઉપદેશોને આવરી લેતું નાટક અને બાળકોના સમૂહ નૃત્યથી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

આ મહોત્સવમાં ૩ થી ૯ નવેમ્બર દરમિયાન રોજ સાંજે ૪.૩૦ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ''જોવા જેવી દુનિયા''ના દરવાજા સૌ માટે ખુલ્લા રહેશે. અહીં આધ્યાત્મિક સમજણ, આનંદ અને જ્ઞાનના અનોખા અનુભવો મળશે. થીમ પાર્કમાં ''સાયરન'', ''વિક્રમ વેતાળ'', ''મૈં કૌન હૂ?'', ''એહસાસ'' જેવા પ્રદર્શનો દ્વારા માનવજીવનના વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોના ઉકેલ હસતા રમતા રજૂ કરાશે. બાળકો માટે અલગથી તૈયાર કરાયેલા ચિલ્ડ્રન પાર્કમાં ''તારા રમપમપુર'' પપેટ શો, ''ચાલો બનીએ સુપરહીરો'' ટોટલ એક્સપીરિયન્સ શો અને ''હનુમાન ઔર કાલનેમી'' નાટક દ્વારા જીવનમૂલ્યો અને વ્યવહારિક સમજણ રસપ્રદ રીતે આપવામાં આવશે.

૪ નવેમ્બરના રોજ પરમ પૂજ્ય દાદા ભગવાનની જન્મજયંતિનો મુખ્ય દિવસ રહેશે. સવારે પૂજન, આરતી તથા પૂજ્ય દીપકભાઈના દૃષ્ટિદર્શન કાર્યક્રમો યોજાશે. ઉપરાંત ૫ થી ૭ નવેમ્બર દરમિયાન પૂજ્ય દીપકભાઈ સાથે પ્રશ્નોત્તરી સત્સંગ યોજાશે, જેમાં દરેક વ્યક્તિ પોતાના જીવનના પ્રશ્નો પૂછીને માર્ગદર્શન મેળવી શકશે. ૫ નવેમ્બરના રોજ રાત્રે ૭.૩૦ થી ''જ્ઞાનવિધિ'' કાર્યક્રમનું આયોજન છે. જેમાં એક એવો આધ્યાત્મિક પ્રયોગ જે આત્મજ્ઞાન દ્વારા વ્યક્તિને પોતાના સાચા સ્વરૂપની અનુભૂતિ કરાવે છે. મોરબીમાં પ્રથમવાર આયોજિત આ આધ્યાત્મિક થીમ પાર્ક પ્રત્યે લોકોમાં અતિઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખો લોકો અહીં ઉપસ્થિત રહી આનંદ અને જ્ઞાનનો અનોખો મેળાવડો કરશે તેવી ધારણા છે. સમગ્ર કાર્યક્રમ નિઃશુલ્ક છે અને દરેક ધર્મ-સંપ્રદાયના લોકો માટે ખુલ્લો છે. આ મહોત્સવની વિગતવાર માહિતી માટે jj.dadabhagwan.org વેબસાઈટની મુલાકાત લઈ શકાય છે તેમ યાદીમાં જણાવ્યું છે.

# જામનગરમાં જુના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેણાક મકાનમાંથી ૧૧૭ નંગ ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો પકડાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જુના રેલ્વે સ્ટેશન નજીકના વિસ્તારના રહેતા એક પાનના ધંધાર્થીના મકાન પર પોલીસે દરોડો પાડી ૧૧૭ નંગ નાની ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો કબજે કરી લઈ પાનના વિક્રેતા આરોપીની અટકાયત કરી છે. જેની પૂછપરછમાં સપ્લાયરનું નામ ખૂલ્યું છે.જામનગરના સિટી બી.ડિવિઝનના પોલીસ સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે જામનગરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં દરોડો પડ્યો હતો. ત્યાં રહેતા અને પાનની દુકાન ચલાવતા અજય કરસનભાઈ માનસુરીયાના મકાનની તલાસી લેતાં તેના મકાનમાંથી ૧૧૭ નંગ નાની ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે ઈંગ્લિશ દારૂ અને મોબાઈલ ફોન વગેરે સહિત ૫૧,૦૦૦ ની માલમતા કબજે કરી છે.પોલીસની પૂછપરછ દરમિયાન જામનગરમાં જ રહેતા અનિલ ઉર્ફે ટેણી ઉર્ફે લાલિયો રાજેશભાઈ માનસુરીયાએ સપ્લાય કર્યો હોવાથી તેને ફરાર જાહેર કરી પોલીસે શોધખોળ હાથ ધરી છે.

# જામનગર શહેરમાં એકી-બેકીનો જુગાર રમતા ૧૦ શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર શહેરના અલગ અલગ વિસ્તારોમાં ચલણી નોટના નંબર પર આંકડા બોલી જુગાર રમતા કુલ ૧૦ શખ્સોને પકડી લેવામાં આવ્યા હતા.શહેરના નવાગામ ઘેડ, મધુરમ સોસાયટીમાં રહેતા સુમિત રણછોડ રાંદલપરા અને ભીમવાસમાં રહેતા માણસુર નારણ સાગઠીયા આ બંનેને અંબર ચોકડી પુલ નીચે ચલણી નોટના નંબર પર એકી-બેકીનો જુગાર રમતા રોકડા ૩૫૦ સાથે પકડી લીધા હતા, જયારે નાગેશ્વર કોલોનીમાં રહેતા વિજય સુખા મકવાણા અને ધુંવાવના રવિરાજસિંહ દિલીપસિંહ ઝાલા આ બંનેને નદીના પટ્ટમાં એકી-બેકીનો જુગાર રમતા રોકડા ૩૨૫ સાથે અટકમાં લીધા હતા.અન્ય દરોડામાં ગુલાબનગરમાં રહેતા તૌફીક ઇબ્રાહીમ કુકાસમ અને નાગેશ્વરના મયુર મનોજ બારીયા આ બંનેને એકી-બેકીનો જુગાર રમતા નાગેશ્વર કોલોની વિસ્તારમાંથી રોકડા ૪૮૦ સાથે ઝડપી લીધા હતા તેમજ ધરારનગરના ઓસમાણ ઉર્ફે બાપુડી સલીમ કેર અને ખોજાનાકા વિસ્તારના સોહીલ એજાઝ દરઝાદાને એમપી શાહ ઉધોગ વિસ્તારમાં એકી-બેકીનો જુગાર રમતા રોકડા ૩૦૦ સાથે પકડી પાડયા હતા.આ ઉપરાંત જામનગરના જુના સ્ટેશન પાસે રહેતા સાનિધ્ય હરકિશન જેઠવા અને વેલનગરના અભિષેક વિમલ ઝાલા આ બંને શખ્સો અંબર ચોકડી પાસે ચલણી નોટના નંબર પર એકી બેકીનો જુગાર રમતા રોકડા ૩૦૦ સાથે પોલીસે દબોચી લીધા હતા.

## વીરપુરમાં ચોરીનો અનોખો કિસ્સો

# તસ્કર ચોરેલા મોબાઈલમાંથી જ માલિકને ફોન કરી રૂ.૩૦૦ લીધા છતાં ફોન પરત ન આપ્યો

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

વીરપુરના ભુલેશ્વર નગર ખાતે રહેતા વિજયભાઈ કાનજીભાઈ ભાલાળા (ઉ.વ. ૨૧) એ નવરંગ ગેસ્ટ હાઉસમાં નોકરી કરે છે. ગત તા. ૨૨/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ રાત્રિના સમયે ગેસ્ટ હાઉસમાં ઓફિસની બાજુના રૂમમાં સૂતા હતા અને પોતાનો -૧૨૭૪ મોડેલનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન, કિંમત રૂ. ૭૦૦૦, પોતાના ઓશિકા નીચે રાખ્યો હતો,વિજયભાઈ વહેલી સવારે ૬ વાગ્યે બાથરૂમ જવા માટે જાગ્યા હતા, ત્યારે તેમનો મોબાઈલ યથાવત હતો. જોકે, તેઓ પરત આવીને ફરીથી સૂઈ ગયા હતા. બરાબર આ જ તકનો લાભઉઠાવી, સવારે ૬૧૦ વાગ્યે એક અજાણ્યો શખ્સ ગેસ્ટ હાઉસમાં દાખલ થયો હતો અને વિજયભાઈના ઓશિકા નીચેથી સાવચેતીપૂર્વક મોબાઈલ સેરવીને રફુચક્કર થઈ ગયો હતો,જ્યારે ગેસ્ટ હાઉસના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા, ત્યારે આ સમગ્ર ચોરીની ઘટના સ્પષ્ટપણે કેદ થયેલી જોવા મળી હતી,

આ કેસમાં ચોંકાવનારી વાત એ છે કે ચોરે મોબાઈલ ચોર્યા બાદ, તેમાંથી જ માલિકના સગા-સંબંધીઓને ફોન કરવાનું શરૂ કર્યું. તસ્કરે ફોન પરત આપવાની લાલચ આપી અને બદલામાં પૈસાની માંગણી કરી. તેણે કહ્યું કે જો તેને માંગેલા પૈસા આપવામાં આવશે, તો તે ચોરેલો મોબાઈલ પરત આપી દેશે.

આ ગેસ્ટ હાઉસના કર્મચારીએ ચોરને પકડવાની આશાએ અથવા મોબાઈલ પરત મેળવવા માટે, ચોર દ્વારા જણાવ્યા મુજબ રૂ. ૩૦૦ ગૂગલ પે દ્વારા ટ્રાન્સફર પણ કર્યા હતા. જોકે, પૈસા મળ્યા બાદ પણ તસ્કરે મોબાઈલ પરત આપ્યો ન હતો.

સ્થાનિક સ્તરે ચર્ચા ચાલી રહી છે કે વીરપુરના અન્ય ગેસ્ટ હાઉસમાં પણ અગાઉ આ જ પ્રકારે મોબાઈલ ચોરીના બનાવો બની ચૂક્યા છે. કેટલીક ચર્ચાઓ મુજબ, અન્ય કિસ્સાઓમાં ચોરે પૈસા લીધા બાદ મોબાઈલ પરત પણ આપ્યા હોવાની ચર્ચા છે,

આ દરમિયાન, મોબાઈલ ચોરનાર તસ્કર અને મોબાઈલ માલિક વચ્ચે થયેલી વાતચીતની એક ઓડિયો ક્લિપ પણ સામે આવી છે, જે આ અનોખી મોડસ ઓપરેન્ડીની પુષ્ટિ કરે છે.

આ ગંભીર અને અનોખા ચોરીના કેસમાં, વીરપુર પોલીસે તેમજ LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ હાલ સીસીટીવી ફૂટેજ અને વાયરલ થયેલી ઓડિયો ક્લિપના આધારે આ શાતિર તસ્કરને પકડવા માટે ચક્રો ગતિમાન કરી રહી છે,

# જામનગરના હત્યા કેસના એક આરોપી પેરોલ જમ્પ કરીને ભાગી છુટ્યા બાદ ચોરાઉ વાહનો સાથે એલસીબીના હાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં ગાંધીનગર વિસ્તારમાં સાઈબાબા ના મંદિર પાછળ સાંઈરામ સોસાયટીમાં રહેતા તેજશ શાંતિલાલ પંડ્યા, કે જેની સામે હત્યા સહિતના ૧૧ જેટલા ગુના નોંધાયેલા છે અને પોતે હત્યા કેસમાં જેલવાસ ભોગવી રહ્યો હતો, અને ત્યાંથી પેરોલ પર છૂટ્યા બાદ ફરીથી જેલમાં પહોંચ્યો ન હતો, અને નાસતો ફરતો રહ્યો હતો.ઉપરોક્ત આરોપીની શોધખોળ ચલાવાઇ રહી હતી, દરમિયાન જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે સમર્પણ સર્કલ પાસેથી પોલીસે તેજશ શાંતિલાલ પંડ્યા, અને તેના એક સાગરીત રાજુભાઈ ઉર્ફે રાજીયો બળેલો રામભાઈ કોડીયાતર ને પણ ઝડપી લીધો હતો, અને તેની પાસેથી ચોરાઉ મોટરસાયકલ મળી આવ્યું હતું.પોલીસ દ્વારા ઘનિષ્ઠ પૂછપરછ કરવામાં આવી હતી, દરમિયાન તેણે પેરોલ જમ્પ કરીને ફરારી રહ્યા બાદ જામનગર શહેરમાંથી તેમજ મેઘપરમાંથી બે મોટરસાયકલની ચોરી કર્યા ની કબુલાત આપી છે. જે બંને મોટરસાયકલ એલસીબીની ટીમ દ્વારા કબજે કરી લેવામાં આવ્યા છે, અને બંને આરોપીઓની વધુ પુછપરછ ચલાવી રહી છે.જેમાં આરોપી તેજશ સામે અગાઉ ૧૧ ગુના નોંધાઈ ચૂક્યા છે, જ્યારે તેના સાગરીત રાજુ ઉર્ફે રાજીયા કોડીયાતર સામે પણ પાંચ ગુના નોંધાઈ ચૂક્યા છે.

# વાંકાનેર સરતાનપર રોડ ઉપર સીરામીક ફેક્ટરીના ગ્રાઉન્ડમાંથી મોટર સાયકલની ચોરી

વાંકાનેર તાલુકાના સરતાનપર ગામ નજીક રોડ ઉપર આવેલ કમાન્ડર સીરામીક ફેક્ટરીના ગ્રાઉન્ડમાં ઓફિસની બાજુમાં પાર્ક કરેલ વેપારીના મોટરસાયકલની કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ચોરી કરી લઈ ગયા અંગે પ્રથમ ઇ-એફઆઈઆર બાદ તાલુકા પોલીસ મથકમાં રૂબરૂ વેપારીએ મોટર સાયકલ ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. મોરબીમાં સ્ટેશન રોડ કુબેરનગર પાછળ ભક્તિનગર પ્લોટ નં.૧૬ માં રહેતા કાંતિલાલ મહાદેવભાઈ ઘુમલીયા ઉવ.૫૧ કે જેઓ અલગ અલગ સીરામીક ફેક્ટરીમાંથી ખાલી બારદાનનો વેપાર કરે છે, ત્યારે ખાલી બારદાન લેવા જવા આવવા પોતાનું હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એમ-૯૫૮૧નો ઉપયોગ કરે છે, ત્યારે ગત તા.૩૦/૦૯ના રોજ કાંતિભાઈ પોતાનું ઉપરોક્ત મોટર સાયકલ લઈને વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ ઉપર અલગ અલગ ફેક્ટરીએ ગયા હતા, ત્યારે કમાન્ડર સીરામીક કારખાનામાં ઓફીસનું કામ હોવાથી કાંતિભાઈએ પોતાનું મોટર સાયકલ ફેક્ટરી અંદર ઓફિસની બાજુમાં પાર્ક કરેલું હોય તે દરમિયાન કોઈ અજાણ્યો વાહન ચોર તે મોટર સાયકલ ચોરી કરીને લઈ ગયો હોય, ત્યારે મોટર સાયકલ ચોરી અંગે પ્રથમ ઈ-એફઆઈઆર બાદ વાંકાનેર તાલુકા પોલીસ મથકે રૂબરૂ ફરિયાદ નોંધાવતા પોલીસે વાહન ચોર આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીની યુવતીએ મદદગારી કરતા કાલાવડના શખ્સે સગીરાને હવસનો શિકાર બનાવી



## એક વર્ષ પહેલા શમીનાએ રાજકોટથી ૧૩ વર્ષની બાળાને સોશિયલ મિડીયા પર ફ્રેન્ડ બનાવ્યા બાદ કાલાવડના સ્વીગી બોય-ઈન્સ્ટાગ્રામ સ્ટાર સતિષ ગોહેલ સાથે મિત્રતા કરાવીઃ પોતાના બોયફ્રેન્ડ ફૈઝાન સાથે મળી સગીરાને અટલ સરોવર પાસે લઇ જઇ, જયાંથી સતિષ એક ફલેટમાં લઇ ગયો અને બળાત્કાર ગુજાર્યોઃ ઘરેથી ગૂમ થયેલી બાળાના અપહરણનો ગુનો નોંધાયો હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર રહેતી અને છઠ્ઠા ધોરણમાં ભણતી ૧૩ વર્ષની બાળાને મોરબીની શમીના નામની યુવતિએ ઈન્સ્ટાગ્રામથી ફ્રેન્ડ બનાવી પોતાના બોયફ્રેન્ડ ફૈઝાનની મદદથી કાલાવડમાં રહેતાં અને સ્વીગી ઝોમેટોમાં ડિલીવરીબોય તરીકે કામ કરતાં સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સર સતિષ સાથે સંપર્ક કરાવ્યો હતો. આ શખ્સે સગીરાનું અપહરણ કરી અટલ સરોવર પાસેના ફલેટમાં લઇ જઇ બળાત્કાર ગુજારી લીધો હતો. એક વખત શમીના આ બાળાને પોતાના ઘરે મોરબી લઇ ગઇ ત્યારે શમીનાના ભાઇ આફતાબે પણ બાળાની સાથે અડપલા કરી લીધા હતાં. બાળા ઘરેથી ગૂમ થયા બાદ પોલીસે તપાસ શરૂ કરી બાળાને શોધી કાઢી વિસ્તૃત પુછતાછ કરતાં આ સમગ્ર ઘટના સામે આવી હતી. પોલીસે શમીના, તેના બોયફ્રેન્ડ, ભાઇ અને બાળા સાથે બળાત્કાર કરનારા સ્વીગીબોય મળી ચારેયને પકડી લીધા છે.

આ બનાવમાં ભોગ બનનાર બાળાના માતાએ પોલીસ સમક્ષ વિગતો જણાવતાં કહ્યું હતું કે મારે બે સંતાન છે જેમાં ૧૩ વર્ષની દિકરી ધોરણ-૬માં ભણે છે. ૨૮/૧૧ના સાંજે મારી આ દિકરી દુકાનેથી ભાગ લઇને આવું છું તેમ કહીને નીકળતાં મેં તેને હું પણ સાથે આવું છું તેમ કહેતાં તે મને દરવાજે ઉભા રહેવાનું કહીને ગઇ હતી. ભાગ લઇને આવી મને આપી ફરીથી તેણી હું બીજો ભાગ લેવા જાઉ છું તેમ કહી ઘરેથી નીકળી ગઇ હતી. લાંબો સયમ થવા છતાં તે પાછી ન આવતાં મેં ઘરના સભ્યો સાથે મળી શોધખોળ કરી હતી. પરંતુ દિકરી મળી નહોતી.

બાદમાં અમે દિકરીના મોબાઇલ ફોનમાં ઈન્સ્ટાગ્રામ આઇડી ચેક કરતાં તેણીએ શમીના નામની છોકરી સાથે મેસેજથી વાત કરી હોવાનું જણાયું હતું. તેમજ એક ફોન નંબર ઉપર પણ દિકરીએ વાત કરી હોવાનું જણાતાં મારા પતિએ એ નંબર પર ફોન કરતાં રિસીવ કરનારે પોતે મોરબીથી શમીના બોલતી હોવાનું કહ્યું હતું અને તમારી દિકરી મારી સાથે છે તેમ કહ્યું હતું. તેઓ મોરબી હોવાનું કહી બાદમાં શમીના મારી દિકરીને પરત ઘરે લઇ આવી હતી. દિકરીને અમે પુછતાં તેણીએ કહેલું કે એક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામમાં મારો સંપર્ક શમીના સાથે થયો હતો. તેની સાથે હું વાતો કરતી હતી ત્યારે શમીનાએ મને સતિષ ગોહેલ નામના છોકરાનું ઈન્સ્ટાગ્રામ આઇડી આપ્યું હતું અને તેમાં વાત કરવાનું કહ્યું હતું. આથી હું સતિષ સાથે વાત કરતી હતી અને ક્યારેક શમીના ઈન્સ્ટાગ્રામમાં કોન્ફરન્સ કોલ કરી સતિષ અને મારી સાથે વાત કરતી હતી.

દિકરીએ વધુમાં કહ્યું હતું કે બેસતા વર્ષના દિવસે શમીનાએ ફોન કરી પોતે રાજકોટ આવી છે અને મળવું છે તેમ કહેતાં હું શમીના, તેનો બોયફ્રેન્ડ ફૈઝાન અને સતિષ ગોહેલ મને તેડવા આવતાં તેની સાથે જતી રહી હતી. અમે બધા અટલ સરોવર ફરવા ગયા હતાં. જ્યાં શમીના અને તેનો બોયફ્રેન્ડ એકલા જતાં રહ્યા હતાં અને સતિષને મારી બાજુમાં બેસાડી દીધો હતો. બાદમાં સતિષે કહેલું કે અહિ નજીકમાં મારા મિત્રનો ફલેટ છે, આપણે ત્યાં જઇએ. જેથી હું ત્યાં તેની સાથે જતાં ફલેટમાં કોઇ ન હોઇ સતિષે બળજબરીથી મારી સાથે શરીરસંબંધ બાંધી લીધો હતો અને બાદમાં રાતે મને ત્રણેય ઘરે મુકી ગયા હતાં. ત્યારબાદ ૨૮/૧૦ના સાંજે પાંચેક વાગ્યે શમીનાનો ફરીથી ફોન આવ્યોહ તો અને તે મને તેડવા આવે છે, ઘર પાસે ઉભી રહે તેવું કહેતાં પોતે ભાગ લેવાનું બહાનુ કરી બહાર નીકળી હતી અને ત્યાં નજીકમાં શમીના તથા ફૈઝાન બાઇક સાથે ઉભા હોઇ તે મને મોરબી લઇ ગયા હતાં.

તે વખતે હું શમીનાના ઘરે રોકાઇ હતી. અહિ શમીનાએ તેના ભાઇ આફતાબને બોલાવતાં આફતાબે પણ મારી સાથે ફ્રેન્ડશીપ કરવાની વાત કરી બથ ભરી લઇ કિસ કરી લીધી હતી. દિકરીએ આ તમામ હકિકત જણાવતાં અમે ફરિયાદ કરવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં ભોગ બનનાર બાળાના માતાએ જણાવતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયાએ ગુનો દાખલ કર્યો હતો.

ઘટના ગંભીર હોઇ તુરત તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. એ દરમિયાન એએસઆઇ હર્ષભાઇ માવદીયા, હેડકોન્સ. પ્રભાતભાઇ મૈયડને બાતમી મળતાં ચાર આરોપીઓ શમીના મહેબુબશા બાબુશા શાહમદાર (ઉ.વ.૨૦-રહે. નગર દરવાજા, દરબાર ગઢ, ભાડાના મકાનમાં મોરબી) તથા તેના બોયફ્રેન્ડ ફૈઝાન અકબરભાઇ ચાનીયા (ઉ.વ.૧૯-ધંધો-સ્વીગી-ઝોમેટો ડીલીવરી બોય, રહે. શિવ સોસાયટી-૧, રવાપર રોડ અબ્દુલભાઇના મકાનમાં ભાડેથી મોરબી), શમીનાના ભાઇ આફતાબ રફીકભાઇ જુણેજા (ઉ.વ.૨૦-ધંધો છુટક મજૂરી, રહે. પરસાણાનગર-૭, જામનગર રોડ રાજકોટ) અને સતિષ વિજયભાઇ ગોહેલ (ઉ.વ.૧૯-ધંધો. સ્વીગી-ઝોમેટોમાં ડીલીવરી બોય તથા ઈન્સ્ટાગ્રામ ઈન્ફલુએન્સર, રહે. કાલાવડ કુંભનાથપરા વેલનાથ ચોક કોળી પરા)ને પકડી લીધા છે.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે સતિષ ગોહેલ કાલાવડ રહે છે અને તે ઈન્સ્ટાગ્રામ પર સ્ટાર છે, અલગ અલગ રીલ્સ બનાવીને પોસ્ટક રે છે. જેમાં ગામડાંની જીવનશૈલી અને રમુજી વાતો હોય છે. સતીષ ગોહેલના ઈન્સ્ટાગ્રામના ચાલીસ હજારથી વધુ ફોલોઅર્સ છે. સગીરાને પણ તેણે શમીના મારફત ઈન્સ્ટાગ્રામ થકી ફસાવી દૂષ્કર્મ આચરી લીધુ હતું.

બનાવની ગંભીરતાને ધ્યાને લઇ ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયા, એએસઆઇ નિલેષભાઇ મકવાણા સહિતના સ્ટાફે ઝીણવટ ભરી તપાસ આદરી મોરબીની શમીના સહિત ચાર શખ્સોની ધરપકડ કરી છે.

### મંગળા રોડ પર પ્રગતિ હોસ્પિટલ પાસે થયેલ ફાયરીંગના ગુન્હામાં

# પેંડા ગેંગના સાગરીતને પિસ્તોલ આપનાર અને સાથે પોલીસે પકડેલ ઈસમને રીમાન્ડ પર લેવાની અરજી નામંજુર

## આરોપી તરફે રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં ગત ૨૯/૧૦/૨૦૨૫ના રોજ મંગળા રોડ પર પ્રગતિ હોસ્પિટલ પાસે પેંડા ગેંગ અને મુર્ગા ગેંગ વચ્ચે થયેલ આડેધડ-અંધાધૂંધ ફાયરીંગના કેસમાં મધ્યરાત્રીએ થયેલ સામ-સામા ફાયરીંગ કરી દહેશત અને ભયનો માહોલ ઊભો થયેલ હતો અને જેમાં પોલીસે ખુદ ફરીયાદી બની બન્ને ગેંગના સાગરીતો વિરુદ્ધ ગુન્હો નોંધી બન્ને ગેંગના સાગરીતોની ધરપકડ કરેલી જે પૈકી પેંડા ગેંગના સાગરીત આરોપી જીગ્નેશ ઉર્ફે ભયલો દિનેશભાઈ રાબાને હથિયાર પૂરું પાડનાર અને અગાઉ પોલીસ ચોપડે રાજકોટમાં વ્યાજંકવાદના બનાવ સંબંધે એક જ પરીવારના ત્રણ લોકોએ કરેલ આપઘાત, હથિયાર સંબંધી તેમજ શરીર સંબંધી તેમજ પ્રોહી, પાસા વિગેરે પંદર જેટલા ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપી સંજયરાજસિંહ ઉર્ફે ચીન્ટુનું નામ ખુલવા પામેલ હતું. આરોપી સંજયરાજસિંહ ઉર્ફે ચીન્ટુને રાજકોટ શહેર એસ.ઓ.જી. ટીમના એ.એસ.આઈ રાજેશભાઈ બાળા તથા પો.હેડ કોન્સ. સિદ્ધરાજસિંહ જાડેજાનાઓએ ચોક્કસ બાતમીના આધારે રેલનગર સ્વ.નારણભાઈ ફુગશિયા રોડ પરથી પકડતાં તારીખ૦૧/૧૧/૨૦૨૫ના રોજ આ રીઢા ગુન્હેગાર સંજયરાજસિંહ ઉર્ફે ચીન્ટુ પાસે એક પિસ્તોલ મળી આવેલ હતી જે ગુન્હામાં પણ પોલીસ ખુદજ ફરીયાદી બનેલ હતી તેમજ પોલીસે આરોપીની ધરપકડ કરેલ અને નામ.કોર્ટ સમક્ષ ૦૩ દિવસના રીમાન્ડ ઉપર લેવાની માંગણી સાથે રજુ કરેલ જેમાં આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ તેમજ શહેરમાં બનેલ ચકચારી ફાયરીંગ કેસમાં પેંડા ગેંગના સાગરીત જીગ્નેશ ઉર્ફે ભયલુંને હથિયાર પૂરું પાડેલ હોય તેમજ પોતાના કબ્જા માથી મળી આવેલ પિસ્તોલ ક્યાથી ખરીદ કરેલ હોય તે સત્ય હકીકત જાણવા, અન્ય હથિયારો તેમજ કારતુસ સંબંધે તપાસ કરવા માટે, આરોપીઓને આર્થિક મદદ કોણે કરેલ છે જેની ઊંડાણપુર્વક પુછપરછ કરવી જરૂરી હોય જેથી આરોપીની પોલીસ કસ્ટડીમાં હાજરીની જરૂરત હોવાના તેમજ વિગેરે કારણોસર આરોપીને રીમાન્ડ ઉપર લેવા માટે પોલીસ દ્વારા અરજી કરવામાંઆવેલ હતી જેમાં આરોપીપક્ષે આરોપીના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર દ્વારા રીમાન્ડ અરજીનો વિરોધ કરી આરોપી પાસેથી કોઈ રીકવરી કે ડિસ્કવરી કરવાની બાકી ન હોય અને આરોપીને ખોટી રીતે ગુન્હામાં હથિયાર સપ્લાયર તરીકે બતાવેલ હોય તેમજ નામ.ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ટાંકીને ધારદાર દલીલો કરવામાં આવેલ હતી બન્ને પક્ષોની રજુઆતો સાંભળ્યા બાદ કોર્ટ દ્વારા આરોપીને બંધારણ દ્વારા અપાયેલ વ્યક્તિ સ્વાતંત્રતાના અધિકારોને ધ્યાનમાં લઈ તેમજ ગુજરાત હાઈકોર્ટના જયરાજસિંહ ટેમુંભા જાડેજા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવેલા સિધ્ધાંતોને ધ્યાને લઈ આરોપીની પોલીસ કસ્ટડીની વધુ જરૂરિયાત ન હોવાનું અને રીમાન્ડના યોગ્ય ન્યાયોચિત કારણો જણાય આવતા ન હોવાનું ધ્યાને લઈ આરોપીને પોલીસ રીમાન્ડ ઉપર લેવાની પોલીસની અરજી નામંજુર કરેલ હતી.

આ કામે આરોપી સંજયરાજસિંહ ઉર્ફે ચીન્ટુ મહેન્દ્રસિંહ ઝાલા તરફે રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

# કાલાવડના ખરેડી ગામે પાડોશીનો માતા-પુત્રી પર પાઈપ, કુહાડી વડે હુમલો



## ઈજાગ્રસ્ત માતા અને પુત્રીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડના ખરેડી ગામે પાડોશીએ પાઈપ અને કુહાડાથી હુમલો કરતા માતા-પુત્રી ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત અનિલાબેન અને તેમની પુત્રી મેનાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

આ અંગે મળતી વિગત મુજબ, અનિલાબેન મોહનભાઈ બથવાર (ઉંમર વર્ષ ૫૦) અને મેનાબેન મોહનભાઈ બથવાર (ઉંમર વર્ષ ૩૦) (રહે. બંને ખરેડી ગામ, તાલુકો કાલાવડ, જિલ્લો જામનગર) ગઈકાલે સાંજે ૭ વાગ્યાની આસપાસ પોતે પોતાના ઘર પાસે હતા ત્યારે સામેવાળા સાહિલ અને જતીન તથા તેની સાથેના માણસોએ ઝઘડો કરીને લોખંડના પાઈપ અને કુહાડી વડે માર મારતા માથે અને શરીરે ઈજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ.

આ અંગે અનિલાબેને જણાવ્યું કે, સામેવાળા તેના ઘર પાસે આવેલા થાંભલે લંગરીયા નાખવા ચડતા હોય, થાંભલે ન ચડવાનું કહેતા બોલાચાલી થઈ હતી. જેનો ખાર રાખી આ હુમલો કરાયો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# શાપરમાં ૧૫ વર્ષની તરૂણી પર ૧૬ વર્ષના સગીરે દુષ્કર્મ આચર્યુંઃ ગર્ભ રાખી દીધો

## તરુણીને ભગાડી જઈ સગીરે કુકર્મ આચર્યું, સ્થાનીક પોલીસે મધ્યપ્રદેશમાંથી બંનેને શોધી મેડિકલ ચેકઅપ કરવતા તરૂણી ગર્ભવતી હોવાનું સામે આવ્યું, આરોપીની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાંથી ૧૫ વર્ષની તરુણીને ૧૬ વર્ષનો તરૂણ ભગાડી ગયા જતાં શાપર પોલીસ દોડતી થઈ હતી. પોલીસે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાંથી બંનેને શોધી કાઢ્યા હતા. બાદમાં તરૂણીનું મેડિકલ ચેકઅપ કરાવતા માલુમ પડ્યું હતું કે, તરૂણે સગીરા પર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી દીધી છે. જેથી આ અંગે શાપર વેરાવળ પોલીસે તરૂણ સામે દુષ્કર્મની કલમનો ઉમેરો કરવા કાર્યવાહી કરી હતી.

બનાવની વિગતો મુજબ, ગઈ તા. ૪ ના રોજ શાપરમાંથી ૧૫ વર્ષનીનું તરૂણીનું અપહરણ થયાં અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે અંગે શાપર વેરાવળ પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાની રાહબરીમાં અલગ અલગ ટીમો બનાવી અપહ્યુતના સગડ મેળવવા તપાસ હાથ ધરી હતી. દરમિયાન તરૂણી હાલ મધ્યપ્રદેશના જાબવા જિલ્લામાં હોવાની માહિતી મળતા પોલીસની ટીમ અહીં પહોંચી હતી અને અહીંથી પોલીસે તરૂણીને મુક્ત કરાવી તેને ભગાડી જનાર ૧૬ વર્ષના તરૂણની અટકાયત કરી હતી.

બાદમાં બંનેને શાપર લાવવામાં આવ્યા હતા. ૧૫ વર્ષની તરૂણીનું મેડિકલ ચેકઅપ કરાવતા તેણી ગર્ભવતી હોવાનું માલુમ પડ્યું હતું. બાળ આરોપી તેને ભગાડી ગયા બાદ તરૂણી પર દુષ્કર્મ આચર્યું હતું.

જેથી આ અંગે બાળઆરોપી વિરુદ્ધ દુષ્કર્મની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી. અપહ્યુત તરૂણીને શોધી કાઢવાની કામગીરીમાં શાપર વેરાવળ પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાની રાહબરીમાં એએસઆઇ ક્રિપાલસિંહ રાણા, હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ ધાધલ, જગદીશભાઈ ઝાલા, દિનેશભાઈ ખાટલીયા, કોન્સ્ટેબલ લગધીરસિંહ જાડેજા, અલ્પેશભાઈ ડામસિયા, વિમલભાઈ વેકરીયા અને રાજદીપસિંહ જાડેજા સાથે રહ્યા હતા.

### શહેરમાં અગાઉ અનેકવાર નકલી પોલીસ બની તોડ કરનાર પોપટપરાના શખ્સનું વધુ એક કારસ્તાન

# પોલીસની ઓળખ આપી ટ્રાન્સપોર્ટના ધંધાર્થી પાસે ૨૦ હજાર પડાવનાર નકલી પોલીસ ઝડપાયો

## બસપોર્ટથી પીછો કરતાં આરોપીએ નાગરીક બેંક ચોક પાસે રીક્ષા આંતરી, તારા પર કેસ થયો છે કહી યુવાનને એક્સેસમાં બેસાડી ગાયત્રીનગર મેઈન રોડ પર લઈ જઈ રોકડ કાઢી લીધીઃ અસલી પોલીસે શખ્સને ઓળખી જતા પીછો કરી, ત્રિકોણબાગ પાસેથી દબોચી લીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નકલી પોલીસ બની લોકોને લૂંટી લેતો મિહિર કૂંગસિયા અસલી પોલીસ પાસે ફસાયો હતો. એલસીબી પોલીસની ઓળખ આપી ટ્રાન્સપોર્ટના ધંધાર્થીના ૨૦ હજાર પડાવી નાસી છૂટેલા આરોપીને પોલીસે પીછો કરી દબોચી લીધો હતો. જે મામલે ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે કોઠારીયા સોલવન્ટ માં આવેલ બરકતીનગર સોસાયટી શેરી નંબર ત્રણમાં રહેતા સમીરભાઈ મુલતાની (ઉં.વ.૪૨) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે નામચીન મિહિર કૂંગસિયાનું નામ આપતા ભક્તિનગર પોલીસે બીએનએસ એક્ટ ૩૦૮ (૫),૨૦૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. તેઓનું મૂળ ગામ સુરેન્દ્રનગરનું કટુડા ગામ છે. ગઈ તા.૧ ના ગામ સમસ્ત ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હોવાથી તેઓ કટુડા ગામ ગયાં હતાં. ત્યાંથી ગઈકાલે બપોરે ચાર વાગ્યે એસટી બસમાં બેસી રાજકોટ આવવા રવાના થયેલ અને સાંજે સાત વાગ્યે રાજકોટ બસપોર્ટ પર ઉતરી બસ સ્ટેન્ડ પાછળ આવેલ ચા ની હોટલે તેઓ ચા પીવા ગયાં હતા ત્યારે ત્યાં બાજુમાં એક શકમંદ શખ્સ ઉભો હતો.

જે બાદ તેઓ ભૂતખાના ચોક પહોંચી ત્યાંથી પોતાના ઘર બરકતીનગર જવા ઓટો રીક્ષામાં બેઠાં હતાં. તેઓ નાગરીક બેંક ચોક પહોંચતા એક ઍક્સેસ ચાલકે રિક્ષાને આંતરી હતી અને પોતે એલસીબી ક્રાઈમમાં પોલીસ છે કહી રિક્ષામાંથી નીચે ઉતારી તમારા પર કેશ થયો છે તેમ કહીં બાઈકમાં બેસાડી ગાયત્રી મેઈન રોડ પર લઈ ગયેલ હતો. જ્યાં એક જગ્યાએ બાઈક ઉભું રાખી પહેલાં મોબાઈલ માંગ્યો હતો જે આપ્યા બાદ પાકીટ માંગતા તે પણ આપ્યું હતું.

પાકીટ ચેક કરી તેમાં રહેલા રૂ.૨૦ હજાર કાઢી લઈ પાકીટ પરત આપી દિધું હતું. જેથી તેને રૂપીયા બાબતે વાત કરતાં કહ્યું કે બધું પૂરું થઈ ગયું હવે કાલે ક્રાઈમ બ્રાન્ચે આવી જજે કહીં તે પોતાનું બાઈક લઈ નાસી છૂટ્યો હતો. જે બાદ નજીકમાં ઉભેલ બે પોલીસમેનની નજર આ ઘટના પર પડતાં તેઓ દોડી આવ્યાં હતાં અને આરોપીનો પીછો કરી તેને પકડી પાડ્યો હતો.

જે મામલે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ આદરી હતી.

# મોટીપાનેરી ગામની સીમમાં જુગાર રમતા પાંચ ઝડપાયાઃ રૂ.૨.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટીપાનેરી ગામની સીમમાં સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી પાંચ જુગારીઓને દબોચી લઇ રૂ.૨.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ તથા આર.વી.ભીમાણી, એએસઆઇ બાલકૃષ્ણભાઇ, અનીલભાઇ, શક્તિસિંહ સહિતનો સ્ટાફ ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે મળેલ હકિકતના આધારે મોટીપાનેરી ગામની સીમમાં ચાલતા જુગાર પર દરોડો પાડતા જુગાર રમતો દિલીપ પ્રભાશંકર વ્યાસ (જામજોધપુર, તીરૂપતી સોસાયટી), કાયાભોજા મુંગાણીયા (સ્ટેશન પ્લોટ જામજોધપુર), મેરામ કલા કલોતરા (ખારાવાડા પ્લોટ જામજોધપુર), ધર્મેન્દ્ર વેલજી માકડીયા, મુકેશ જેરામ કડીવાલ સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રૂ.૨.૫૨નો મુદ્દામલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મેટોડાના કારખાનામાં 3.30 લાખના કેબલ વાયરની ચોરી કરનાર તસ્કરો ઝડપાયા



## ચોરાઉ મુદામાલ ખરીદનારને પણ ઝડપી લેવાયોઃ ૩.૨૧ લાખનો મુદામાલ કબ્જે કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડા જીઆઇડીસીમાં કારખાનામાંથી ૩.૩૦ લાખના કેબલ વાયર ભરેલા બોક્ષની ચોરી કરનાર તસ્કર બેલડી અને ચોરાઉ મુદામાલ ખરીદનાર શખ્સને મેટોડા જીઆઇડીસી પોલીસે ઝડપી લીધા હતા.

મળતી વિગત મુજબ ગઇ તા.૧૫/૧૦/ન મોડી રાત્રીના કોઇ અજાણ્યા ઇસમોએ કારખાનાના શેડમાં રાખેલ હરક્યુલસ કંપનીના તૈયાર કરેલ ઇલેક્ટ્રીક કેબલ વાયર ભરેલ બોક્સ નંફ-૭૭ જે એક બોક્સની કિ.રૂા.૪૨૬૮/- મળી કુલ-૭૭ બોક્સની કિ.રૂા. ૩.૩૦.૦૨૨/- ની ચોરી કરી ગયાની પોલીસમાં ફરીયાદ થતા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર રાજકોટ ગ્રામ્ય આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા સુચના કરેલ હોય. જે અનુસંધાને ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયા ગોંડલ વિભાગના સુપરવિઝન હેઠળ મેટોડા જી.આઇ.ડી.સી. પો. સ્ટે.ના પો.ઇન્સ. એસ.એચ.શર્માની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફની અલગ-અલગ ટીમોએ તપાસ કરી ચોરી કરનાર (૧) રવી હસમુખભાઇ દાફડા ઉ.વ. ૨૧ ધંધો-મજુરી રહે. હાલ મેટોડા જી.આઇ.ડી.સી. ગેઇટ નં. ૧ અંજલી પાર્ક, ખોડીયાર સોસાયટી તથા રાકેશભાઇ રમેશભાઇ દાફડા, ઉ.વ.૨૮ રહે. મેટોડા જી.આઇ.ડી.સી. ગેઇટ નં.૧ અંગલી પાર્ક હનુમાનજીના મંદિર પાસે, મહેશભાઇ આહીરના મકાનમાં ભાડેથી તેમજ ચોરાઉ માલ ખરીદનાર ચોરીનો મુદામાલ રાખનાર આરોપી (૩) ભરત નાનજીભાઇ મકવાણા (ઉ.૨૯) ધંધો ભંગારનો ડેલો રહે. કણકોટ પાટીયા હાઉસીંગ કવાર્ટર બ્લોક નં. ૪૨૪ રાજકોટને ૩.૨૧ લાખના ચોરાઉ મુદામાલ સાથે ઝડપી લીધા હતાં. પકડાયેલ રવિ સામે અગાઉ મેટોડા તથા રાકેશ સામે અમરેલી - રાજકોટમાં અગાઉ ત્રણ ગુન્હાઓ નોંધાયો છે.

આ કામગીરી મેટોડા જીઆઇડીસી પો. સ્ટે.ના પો. ઇ. એસ. એચ. શર્મા, એ. એસ. આઇ. મયુરસિંહ અનિરૂધ્ધસિંહ, પો. હેડ કો. યોગીરાજસિંહ અજયસિંહ, ઉપેન્દ્રસિંહ જીતુભા, પો. કો. રાજદીપસિંહ શુભરાજસિંહ, રવુભાઇ ટપુભાઇ, શકિતસિંહ પ્રહલાદસિંહ ભાર્ગવભાઇ ચંદુભાઇ સહિતના સ્ટાફે કરી હતી.

# ત્રંબા ગામે નેચરલ પીજી ગર્લ્સ હોસ્ટેલની વિદ્યાર્થીની લાપત્તા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલા ત્રંબા ગામે નેચરલ પીજી ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી અને મુળ જસદણના પાંચતલાવડા ગામની મહેક ધનશ્યામભાઇ ભોજાણી (ઉ.વ.૨૦) નામની વિદ્યાર્થીની ગઇ તા. ૧-૧૧ના સવારના ૯ વાગ્યે હોસ્ટેલથી કોઇને કહ્યા વગર રાજકોટ ગયા બાદ પરત નહીં આવતા ગુમ થયા અંગેની આજીડેમ પોલીસમાં તેના પિતા ધનશ્યામભાઇ બાલાભાઇ ભોજાણી (રહે.પાંચતલાવડા ગામ, તાલુકો જસદણ) જાણ કરવામાં આવતા હેડ કોન્સ. પી.એ.ચીરોડીયાએ તપાસ હાથ ધરી છે.

# આંબેડકરનગરમાં બુટલેગર વિદેશી દારૂના ૮૬ ચપલા રેઢા મુકી નાસી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માલવીયાનગર પોલીસ મથકના હેડ કોન્સ. સી.જે.ઝાલા, કોન્સ. ભાવેશભાઇ ગઢવી સહિતનો સ્ટાફ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકરનગર પાસે આસ્થા ચોકડી પાસે આવેલ મેળાના ગ્રાઉન્ડ નજીક પેટ્રોલિંગમાં હતા ત્યારે આંબેડકરનગર શેરી નં.૧૪ રાઠોડ પાન પાસે રહેતો ભરત ઉર્ફે ગકુ કાનજી મકવાણા નામનો શખ્સ શંકાસ્પદ નીકળતા પોલીસે તેનો પીછો કરતા તેની પાસે રહેલ પ્લાસ્ટીકની થેલી ફેંકી દઇ નાસી ગયો હતો. પોલીસે પ્લાસ્ટીકની થેલી ચેક કરતા ૮૬ વિદેશી દારૂના ચપલા કિંમત રૂ.૧૨૬૪૨નો મુદ્દામાલ મળી આવતા પોલીસે ભરત ઉર્ફે ગકુ મકવાણા અને કૈલાશ ઉર્ફે ગુગો જેન્તી પરમાર વિરૂધ્ધ ગુન્હો નોંધી બન્ને શખ્સોની શોધખોળ આદરી છે.